# ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ

THE VOICE OF HUMANRIGHTS

RNI No. GUJGUJ/2013/49414

ગુજરાતી માનવઅધિકાર મેગેઝીન

તંત્રી.: મહેશ એન. પટેલ ▪વર્ષ.:૦૮ ▪ અંક.: ૧૨ ▪૧૫.૦૨.૨૦૨૧ ▪છુટક કિંમત રૂા. ૨૫/- ▪વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-



જાણો કેવી રીતે સ્માર્ટફોનની લાઇટ આપણાં સ્વાસ્થ્ય માટે હાનિકારક છે

ઓઇલના વેપારી પાસેથી ૪.૫૦ લાખની લાંચ લેતા જમાદાર અને વચેટિયો ઝડપાયા

ૐ નું ઉચ્ચારણ કરવાથી શરીરને થાય છે ફાયદા



સરકારી અનાજ બારોબાર પધરાવાનું કૌભાંડ



મહેસાણાના મંડાલી ખાતે આવેલ રાજ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝઃ ફેક્ટરી ગેરકાયદેસર

- એજ્યુકેશન સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએઃહાઈકોર્ટ
- રાત્રિના સમયે ઊંઘનો સમય ઘટવાને કારણે ચીડિયાપણું વધ્યું
- પત્ની પાસેથી રુપિયા માગવા તે અત્યાચાર નથીઃ બોમ્બે હાઈકોર્ટ
- આંબળા ખુબ જ ઝડપથી શરીરનું વજન ઘટાડે છે.

સુપ્રીમકોર્ટનો મોટો નિર્ણય, NEET માં નાપાસ થનાર પણ બની શકશે ડોક્ટર






ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આરટીઓએ નિયમોમાં કર્યો ફેરફાર

ICC®
**Construction Chemicals**

# કન્સ્ટ્રક્શન કેમિકલમાં સર્વોત્તમ ગુણવત્તા એટલે 'આઈસીસી'

**AN ISO 9001:2008 CERTIFIED COMPANY**

Available at all leading Building Material Suppliers




**Dealership inquiries are solicited in all unrepresented area**

ICC® **INDRAJEET**
construction chemicals

109/10/12/13, Narayan Textile Compound,
Behind Narol Police Station, Narol,
Ahmedabad - 382405. INDIA.
M.: + 91 98243 58153
E-mail: icchem@yahoo.com
Web Site: www.icchem.in

ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ

# ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ

THE VOICE OF HUMANRIGHTS

RNI No. GUJGUJ/2013/49414

•વર્ષ : ૦૮ •અંક : ૧૨

•૧૫.૦૨.૨૦૨૧

તંત્રી : મહેશ એન. પટેલ

સહતંત્રી : કલ્પેશ પુરાણી

પત્ર વ્યવહારનું સરનામું

"ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ"

એ/3, પ્લોટ નં. આર - ૧૩,
તનીષ્ક કોમ્પલેક્ષ,
ન્યુ ગ્રીનસીટી, સેક્ટર - ૨૬,
ગાંધીનગર. પીન. ૩૮૨૦૨૮.
મો. ૯૨૭૪૨ ૪૬૬૬૬

❋Printer / Publisher / owner& Editor: Mahesh N. Patel,

❋ Printed : Pavanputra Offset G.I.D.C., Sector-28, Ggandhinagar, Gujarat- 382028 (Gujarat)

❋Published At - A/3, Plot No. R-13, Tanishq Complex, New Green city, Sector-26 At. : Gandhinagar - 382026 (Gujarat)

વૈધાનિક સૂચના : "ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ" માં પ્રકાશિત થતી સામગ્રીમાં લેખકોના પોતાના વિચારો છે. સંપાદક તથા પ્રકાશનને એ સાથે સહમત હોય તે જરૂરી નથી. "ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ" સમાચારના સંબંધિત બધા જ વાદવિવાદ પ્રકાશન તારીખથી ત્રણ માસની અંદર માત્ર ગાંધીનગર ન્યાયક્ષેત્રમાં થઈ શકશે.

-"ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ"

## તંત્રી સ્થાનેથી......

સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે કોક, પેપ્સી અને બિસ્લેરીને લગભગ ૭૨ કરોડનો દંડ ફટકાર્યો છે. આ દંડ પ્લાસ્ટિક કચરાના ડિસ્પોઝલ અને કલેક્શનની માહિતી સરકારી બોડીને ન આપવાના કેસમાં લગાવવામાં આવ્યો છે. બિસ્લેરી પર ૧૦.૭૫ કરોડ રૂપિયા, પેપ્સિકો ઈન્ડિયા પર ૮.૭ કરોડ અને કોલા બેવરેજીસને ૫૦.૬૬ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. બાબા રામદેવની પતંજલિને ૧ કરોડ રૂપિયાની પેનલ્ટી લગાવાઈ છે. એક અન્ય કંપનીને ૮૫.૯ લાખ રૂપિયાની પેનલ્ટી લગાવાઈ છે. સીપીસીબીએ કહ્યું છે કે આ બધાએ ૧૫ દિવસની અંદર જ દંડની રકમ ભરવી પડશે. પ્લાસ્ટિક કચરાના મામલામાં એક્સિડેન્ટ પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી એક પોલિસી છે, જેના આધારે પ્લાસ્ટિક નિર્માણ કરનારી કંપનીઓએ પ્રોડક્ટના ડિસ્પોઝલની જવાબદારી લેવાની હોય છે. બિસ્લેરીનો પ્લાસ્ટિકનો કચરો લગભગ ૨૧ હજાર ૫૦૦ ટન રહ્યો છે. એની પર ૫ હજાર રૂપિયા પ્રતિ ટનના હિસાબથી દંડ ફટકારવામાં આવ્યો છે. પેપ્સીની પાસે ૧૧૧૯૪ ટન પ્લાસ્ટિકનો કચરો રહ્યો છે. કોકા કોલાની પાસે ૪૪૧૭ ટન પ્લાસ્ટિકનો કચરો હતો. આ કચરો જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાનનો હતો. ઈપીઆરનું લક્ષ્ય ૧ લાખ ૫ હજાર ૭૪૪ ટન કચરાનું હતું.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | જાણો કેવી રીતે સ્માર્ટફોનની લાઇટ આપણાં સ્વાસ્થ્ય માટે હાનિકારક છે | ૦૨ |
| ૨ | આ પાન પગનાં તળીયે લગાવવાથી ૪૦ દિવસમાં ડાયાબિટીસ થશે જડમૂળમાંથી ખતમ | ૦૩ |
| ૩ | માત્ર બળજબરીપૂર્વક સ્પર્શ કરવો યૌન હુમલો નથીઃ બોમ્બે હાઇકોર્ટ | ૦૪ |
| ૪ | સરકારી અનાજ બારોબાર પધરાવાનું કૌભાંડ ઝડપાયુ | ૦૬ |
| ૫ | ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આરટીઓઓએ નિયમોમાં કર્યો ફેરફાર | ૦૭ |
| ૬ | અપનાવોઃ જિંદગી જીવવા માટેના ત્રણ ગોલ્ડન રૂલ્સ | ૦૮ |
| ૭ | પત્ની પાસેથી રુપિયા માગવા તે અત્યાચાર નથીઃ બોમ્બે હાઈકોર્ટ | ૧૧ |
| ૮ | મહેસાણાના મંડાલી ખાતે આવેલ રાજ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝઃ ફેક્ટરી ગેરકાયદેસર | ૧૨ |
| ૯ | પોષક તત્વોથી ભરપુર આંબળા ખુબ જ ઝડપથી શરીરનું વજન ઘટાડે છે | ૧૫ |
| ૧૦ | ડાયેટિંગ કરવા છતાં પણ વજન ઘટતું નથી? આ ડાયટ પ્લાન અને ઘટાડો ઝડપથી વજન | ૧૬ |
| ૧૧ | એજ્યુકેશન સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએઃ હાઈકોર્ટ | ૧૮ |
| ૧૨ | રાત્રિના સમયે ઊંઘનો સમય ઘટવાને કારણે ચીડિયાપણું વધ્યું | ૨૧ |
| ૧૩ | સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, NEETમાં નાપાસ થનાર પણ બની શકશે ડોક્ટર | ૨૩ |
| ૧૪ | ૐ નું ઉચ્ચારણ કરવાથી શરીરને થાય છે ફાયદા | ૨૪ |

# જાણો કેવી રીતે સ્માર્ટફોનની લાઈટ આપણાં સ્વાસ્થ્ય માટે હાનિકારક છે

આજકાલ દરેક સ્માર્ટફોનનો યુઝ કરે છે. આટલી વ્યસ્ત લાઈફમાં સ્માર્ટફોનનો ઉપયોગ દિવસ દિવસે વધતો જઈ રહ્યો છે. બધા આ નાના ડિવાઈસથી એકબીજા સાથે કનેક્ટ અને અપડેટ થાય છે. એટલું જ નહીં પરંતુ આ એક મનોરંજનનો માધ્યમ પણ બની ગયું છે. તેનાથી શોપિંગ, મૂવી ટિકિટ, ફ્લાઈટ ટિકિટ અને અભ્યાસ માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. દરેક ઘરમાં માણસ નથી તેનાથી વધુ સ્માર્ટ ફોન થઈ ગયા છે. આજકાલ સ્માર્ટફોન વગર લાઈફ અધુરી થઈ ગઈ છે. આ એક જરૂરત ની સાથે આદત પણ બની ગયું છે. સ્માર્ટફોન યુઝ કરવાના ઘણા લાભ છે. પરંતુ આ વિશ્વાસનીય ડિવાઈસ થી પોતાના થોડા નુકસાન પણ છે. જો તમે લાંબા સમય સુધી તમારા સ્માર્ટફોન નો ઉપયોગ કરો છો તો તે જાણવું પણ જરૂરી છે કે તેમાં ઉત્પન્ન થતી લાઈટ તમને કેટલું નુકસાન કરે છે. અને ઘણી બીમારીઓ પણ આવે છે તો આજે તમને જણાવીશું કે સ્માર્ટફોનમાં થતી લાઈટ થી નુકસાન અને તે સ્વાસ્થ્ય માટે કેટલી હાનિકારક છે.



## સ્માર્ટફોન માં થતી લાઈટ કેવી રીતે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે:-



આપણું શરીર સ્વાભાવિક રીતે એક ચક્રનો પાલન કરે છે. જે આપણને દિવસ દરમિયાન જાગતા રહેવા માટે સતર્ક કરે છે. અને રાત્રે આરામ કરવા માટે આપણી મદદ કરે છે.

પરંતુ જ્યારે આપણે ઊંઘવા જઈએ છીએ ત્યારે આ સ્ક્રીન ને જોઈએ છીએ. તો તેનાથી મગજ ભ્રમિત થાય છે. રાત્રે મસ્તિષ્ક મેલાટોનિન હોર્મોન્સ નો ઉત્પાદન કરે છે જે આપણને ઊંઘવા માટે સંકેત આપે છે. પરંતુ તે સમયે સ્માર્ટફોનનો ઉપયોગ કરતી વખતે જે લાઈટ થાય છે. મસ્તિષ્ક તેઓ નથી કરી શકતું. જેના લીધે અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

★ પૂરતી ઊંઘ નથી મળતી તો ન્યૂરો ટોક્સિન બિલ્ડ અપ થઈ શકે છે જેનાથી સારી ઊંઘ મેળવવી મુશ્કેલ થઈ જાય છે અને તેનાથી ઈનસોમનીયા નામક બીમારી થાય છે.

★ સ્માર્ટ ફોન ના લીધે રાતની ઊંઘ ખરાબ થાય છે અને તેનાથી બીજા દિવસે કોઈ પણ કાર્ય સફળ થતું નથી. મગજ સારી રીતે કામ નથી કરતું અને થકાવટ મહેસૂસ થાય છે.

★ જ્યારે મેલાટોનિન હોર્મોન્સ સારી રીતે કામ નથી કરી શકતા એ પણ સ્માર્ટ ફોન થી થતી લાઈટ ના લીધે ત્યારે અન્ય હોર્મોન પર પણ પ્રભાવ પડે છે જે ભૂખને સારી રીતે નિયંત્રિત નથી કરી શકતા. સંભવિત રીતે મોટાપા નું જોખમ વધી જાય છે.

★ તમારી ઊંઘ નું શિડ્યુલ બગડવાથી માથાનો દુખાવો કન્ફ્યુઝ થવાની પરેશાની અને તમારી યાદશક્તિ પર પણ અસર થાય છે.

★ એક રિસર્ચમાં સામે આવે છે કે સ્માર્ટફોન ટોયલેટ થી દસ ગણા વધુ બેક્ટેરિયા હોય છે. તો એટલો વિચાર કરવો કે જમતા સમયે તમે કેટલી વખત ફોન નો ઉપયોગ કરો છો અને કેટલા બેક્ટેરિયા તમારા હાથ મારફતે શરીરમાં જાય છે.

★ સ્માર્ટફોન ના લાઈટ ના લીધે જ્યારે લોકો ની અંદર મેલાટોનિન હોર્મોન સારી રીતે કામ નથી કરતું ત્યારે તે ડિપ્રેશનના શિકાર પણ બની જાય છે.

★ સ્માર્ટફોનમાંથી થતી લાઈટ અને ઊંઘ વચ્ચે કંઈ સંબંધ છે જેના લીધે મહિલાઓમાં પ્રોસ્ટેટ અને બ્રેસ્ટ કેન્સર થવાની સંભાવના હોય છે.

★ સ્માર્ટફોનમાં થતી બ્લુ લાઈટ આંખોની સંબંધિત કેટરેક્ટ જેવી બીમારી પણ થાય છે. આંખો ઉપર બ્લૂ લાઈટ સીધી પડતી તે રેટીનાને ડેમેજ કરે છે. તે ઉપરાંત ઘણા ની આદત હોય છે કે તે અંધારામાં પણ સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. જેનાથી તમારી આંખો ઉપર ખરાબ અસર થાય છે.

# આ પાન પગનાં તળીયે લગાવવાથી ૪૦ દિવસમાં ડાયાબિટીસ થશે જડમૂળમાંથી ખતમ



આપણું શરીર નિરોગી હોય તો આપણે પ્રફુલ્લિત મન સાથે રહી શકીએ છીએ અને દરેક પ્રકારની પ્રવૃત્તિ પર ધ્યાન આપી શકીએ છીએ. પણ જો શરીર જ બિમારીઓથી ઘેરાયેલું હશે તો કોઈપણ જગ્યાએ મન લાગતું નથી. એટલે જ કહેવત છે કે, ‘‘પહેલું સુખ તે જાતે નર્યા’’. આજના સમયમાં ડાયાબિટીસનો રોગ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. એવું પણ કહેવામાં આવે છે કે આ રોગનો કોઈ ઈલાજ નથી. છતાં પણ લોકો એલોપેથિક દવાઓ અને આયુર્વેદિક દવાઓ થી ઉપચાર કરવાનો પ્રયાસ કરે છે. અમે આજે તમને અહીંયા ડાયાબિટીસ માટે એક સારો ઈલાજ બતાવી રહ્યા છીએ. જેને તમે સંકોચ વગર અજમાવી શકો છો અને તેની કોઈ આડઅસર પણ નથી. આ ઈલાજ માટે તમારે આંકડા ના પાન ની જરૂર પડશે જે તમને આજુબાજુમાંથી સહેલાઈથી મળી જશે. સૌપ્રથમ આજુબાજુ માંથી કોઈ જગ્યાએથી સફેદ આકડાનું એક પાન લઈ આવો. જે રીતે તસવીરમાં દર્શાવવામાં આવ્યું છે એ રીતે આપણા પાનને પગના તળિયે ઉંધુ બાંધવાનું રહેશે. ખાસ ધ્યાન એ બાબતનું રાખવાનું છે કે પાનનો ડીંટિયાનો ભાગ પગ ના અંગુઠા પાસે આવવો જોઈએ. દરરોજ રાત્રીના સુતા સમયે આઠ કલાક સુધી આ પાન બાંધવાનું રહેશે. પાન અને પગમાં બાંધીને મોજું પહેરી લેવું જેથી કરીને પાન પગમાંથી નીકળી ન શકે. ત્યારબાદ સવારના ઉઠીને આ પાન ને પગ માંથી કાઢી નાખવું. આ પ્રયોગને ચાલીસ દિવસ સુધી કરવાનો રહેશે. આ સમયમાં ડાયાબિટીસની જે દવા લેવામાં આવતી હોય તે ચાલુ રાખવી. પ્રયોગ ચાલુ કર્યા બાદ ૧૫ દિવસ પછી ડાયાબિટીસ નો રિપોર્ટ કરાવી લેવો. પ્રયોગ બાદ ૪૦ દિવસમાં ડાયાબીટીસ ઘટતા ઘટતા ખતમ થઈ જશે. એક અનુભવી જાણકાર એ આપેલી વિગતોના આધારે આ આર્ટિકલ તૈયાર કરવામાં આવેલ છે. છતાં પણ કોઈ જાણકાર વેદની દેખરેખ અને સલાહ પ્રમાણે આ પ્રયોગ કરવો.

# નેટ બેંકિંગ: અમદાવાદમાં કંપની સાથે ૩.૯૪ લાખની ઓનલાઈન ઠગાઈ




ટ્રેડીંગ ઈન એક્સપોર્ટ ઈન્સેન્ટીવ ડ્યૂટી ક્રેડીટ સ્ક્રિપ્ટનું કામકાજ કરતી ટ્રાઈડેન્ટ ઈન્ડિયા લિમિટેડ કંપનીના ખાતામાંથી હેકરે રૂ.૩.૯૪ લાખની રકમ ટ્રાન્સફર કરી ઓનલાઈન ઠગાઈ આચરી છે. કંપનીના એમડીએ કોરોના મહામહારીમાં બેંકમાં જઇ શકાય તેમ ન હોઈ નેટ બેંકિંગ સુવિધા કંપનીના નૂતન નાગરિક સહકારી બેંકના એકાઉન્ટમાં કરાવી ને ઠગાઈનો ભોગ કંપની બની હતી. આરોપીઓએ ટ્રાઈડેન્ટ ઈન્ડીયા કંપનીના રજીસ્ટર્ડ મોબાઈલ નંબરનું નવું સીમકાર્ડ લઈ, કાર્ડ સ્વાઈપ કરી કંપનીના નેટ બેંકિંગ પાસવર્ડ, યુઝર નેમ મેળવી રૂ.૩.૯૪ લાખ અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. ટ્રાઈડેન્ટ ઈન્ડીયા કંપનીના એચઆર મેનેજર વિવેક દિનેશ પટેલે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ. તેઓની કંપનીના ડાયરેક્ટર અમિષા ભાવિન મહેતા હાલ મુંબઈ ખાતે રહે છે.કંપનીના એમડી જતીન પારેખ છે. કંપનીનું એકાઉન્ટ નૂતન નાગરિક બેંક લો ગાર્ડન બ્રાન્ચમાં છે. કંપનીના બેંક એકાઉન્ટ સાથે રજીસ્ટર મોબાઈલ નંબર આપેલો છે જેમાં બેંક ટ્રાન્ઝેકશન ઓટીપી આવે છે. બેંક એકાઉન્ટની શરૂઆતમાં નેટ બેંકિંગની સુવિધા ન હતી. જોકે કોવિડમાં બેંકએ જઈ શકાય તેમ ન હોઈ કંપનીના એમડી જતીન પારેખે રૂબરૂ બેંકમાં જઇ નેટ બેંકિંગની સુવિધા કરાવી હતી.

ગત તા.૨૬-૧૨-૨૦૨૦ના રોજ જે મોબાઈલ નંબર બેંક એકાઉન્ટ સાથે રજીસ્ટર હતો. તેના સીમ રિપ્લેસનો મેસેજ વોડાફોન તરફથી આવતા ટ્રાઈડેન્ટ ઈન્ડીયા કંપનીના કર્મચારીએ વોડાફોનના અધિકારીને તેઓએ સીમ રિપ્લેસની કોઈ અરજી ન આપ્યાનું જણાવ્યું હતું. આથી વોડાફોનની વર્ચ્યુલ મેનેજર પ્રિયંકાએ તે મોબાઈલ નંબર ટેમ્પરરી સસ્પેન્ડ કરી બીજું નવું સીમકાર્ડ આપ્યું હતું. આ કાર્ડ ચાલુ ટ્રાઈડેન્ટ ઈન્ડીયા કંપનીની ભાવિકા અગ્રવાલે વોડફોનમાં મેઈલ કર્યા હતા. જોકે કાર્ડ ચાલુ ન થતા મોબાઈલ નંબર બંધ રહ્યો હતો.

# સુરતની વિનસમ ડાયમંડ કંપનીએ બેંન્કો અબજો રૂપિયા ડૂબાડયા

ગુજરાતની એક કંપનીએ બેંકોના અબજો રૂપિયા ડૂબાડ્યા હોવાની માહિતી સામે આવી છે. ખુદ આરબીઆઈએ આ ચોંકાવનારી માહિતી આપી છે. મળતી માહિતી પ્રમાણે આરટીઆઈ દ્વારા આ બેંકોની અબજો રૂપિયાની બેડલોનની માહિતી સામે આવી છે. દેશની ૧૦૦ કંપનીની ૬૨,૦૦૦ કરોડની લોન માંડવાળ કરી છે.

ગુજરાતની જે કંપનીએ બેંકોના અબજો રૂપિયા ડૂબાડ્યા છે તેનું નામ વિનસમ ડાયમંડ કંપની છે. સુરતની વિનસમ ડાયમંડ કંપનીએ બેક્રોને રાતા પાણીએ રોવડાવી છે અને બેંકોના અબજો રૂપિયા ડૂબાડ્યા છે. વિનસમ બેંકે રૂપિયા ૩૦૯૮ કરોડની લોન ડૂબાડી છે. વિનસમ ડાયમંડના માલિક જતીન મહેતા છે.

જતીન મહેતાએ લોન મામલે સ્થાનિક લોકોને ફસાવવાનો પ્રયત્ન કર્યો હતો. તો જયકુમાર બેગાની વિરુદ્ધ અનેક કેસ પણ કર્યા હતા. જો કે વિવિધ એજન્સીઓ જયકુમારને ક્લિનચીટ આપી ચુકી છે. જતીન મહેતા વિરુદ્ધ રેડકોર્નર નોટિસ પણ ઈશ્યુ થઈ ચુકી છે. મેહુલ ચોક્સીની કંપની ગીતાંજલિ જેમ્સની ૬૨૨ કરોડની લોન માંડવાળ થઈ છે. ઉલ્લેખનીય છે કે પીએનબી કૌભાંડ કેસ સપાટી પર આવ્યો તે પહેલા જ મેહુલ ચોક્સી ભારત છોડીને ભાગી ગયો હતો અને તે અત્યારે એન્ટિગુઆ અને બારબુડામાં હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પીએનબી કૌભાંડ કેસનો અન્ય એક આરોપી નિરવ મોદી લંડનની જેલમાં બંધ છે.



# માત્ર બળજબરીપૂર્વક સ્પર્શ કરવો યૌન હુમલો નથીઃ બોમ્બે હાઈકોર્ટ

**માત્ર પરાણે સ્પર્શ કરવો યૌન શોષણ નથી, સ્કિન ટૂ સ્કિન સંપર્ક થવો જરૂરી**

મુંબઇ,

કોઈ સગીરાને નિર્વસ્ત્ર કર્યા વિના, તેના વક્ષ સ્થળને સ્પર્શવું, યૌન શોષણ ના કહી શકાય. બૉમ્બે હાઈકોર્ટે પોતાના એક આદેશમાં કહ્યું છે કે, કોઈ સગીરાના વક્ષ સ્થળને (સ્કિન ટૂ સ્કિન ટચ વિના) સ્પર્શવું પૉસ્કો એક્ટ અંતર્ગત યૌન શોષણની શ્રેણીમાં નથી આવતું.

બૉમ્બે હાઈકોર્ટની નાગપુર પીઠના જજ પુષ્પા ગનેડીવાલાએ ૧૯ જાન્યુઆરીએ એક આદેશમાં કહ્યું કે, કોઈ પણ છેડછાડની ઘટનાને યૌન શોષણની શ્રેણીમાં રાખવા માટે ઘટનામાં સંભોગના ઈરાદે કરવામાં આવેલા સ્કિન ટૂ સ્કિન સંપર્ક જરૂરી હોવો જોઈએ. સગીરાને બળજબરી પૂર્વ સ્પર્ષ કરવો યૌન શોષણની શ્રેણીમાં નહીં આવે.

જજ ગનેડાવાલાએ એક સેશન કોર્ટમાં પોતાના આદેશમાં સંશોધન કર્યુ, જેમાં ૧૨ વર્ષની સગીરાના યૌન શોષણ માટે ૩૯ વર્ષના વ્યક્તિને ૩ વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી. ફરિયાદી પક્ષ અને સગીરાની કોર્ટમાં જુબાની મુજબ, ડિસેમ્બર ૨૦૧૬માં આરોપી નાગપુરનો સતીષ ખાવાની કોઈ ચીજ આપવાના બહાને સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો.

હાઈકોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું કે, પોતાના ઘરે લઈ જઈને આરોપી સતીષે સગીરાના વક્ષ સ્થળ સ્પર્શ કર્યો હતો અને તેને નિર્વસ્ત્ર કરવાની કોશિશ કરી હતી. જો કે આરોપીએ સગીરાને નિર્વસ્ત્ર કર્યા વિના તેના શરીરને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો હતો. આથી આ ગુનાને યૌન શોષણ ના ગણી શકાય.

આ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ અંતર્ગત ગુનો છે. યૌન શોષણ ત્યારે જ ગણાય, જ્યારે આરોપી પીડિતાના કપડા હટાવીને કે કપડામાં હાથ નાંખીને શારીરિક સ્પર્શ કરે.

જ્યાં કલમ ૩૫૪ હેઠળ આરોપીને એક વર્ષની સજા થાય છે, જ્યારે પૉસ્કો એક્ટ અંતર્ગત ૩ વર્ષની સજાની જોગવાઈ છે. સેશન્સ કોર્ટે આરોપીને પૉક્સો અને ૩૫૪ હેઠળ ત્રણ વર્ષની સજા સંભળાવી હતી. જે એક સાથે ચાલવાની હતી. જો કે હાઈકોર્ટે તેને પોક્સો એક્ટમાંથી મુક્ત કરીને માત્ર ૩૫૪ હેઠળ સજા યથાવત રાખી છે.

# વડદલા ગામ પાસે ટેન્કરમાંથી કેમિકલ સગેવગે કરતા ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી

ભરૂચ જિલ્લામાં કેમિકલ સગેવગે કરવાના ગુના મોટા પાયે થઈ રહ્યા છે. ત્યારે વડદલા પથક પાસે ટેંકરમાંથી કેમિકલ સગેવગે કરતા ડ્રાઈવરને એસ.ઓ.જી પોલીસે ઝડપી પાડ્યો હતો. તેમજ ટેંકર સહિત આશરે રૂ.૧૨ લાખની મતા પોલીસે જપ્ત કરી દીધી છે. ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને માર્ગદર્શનના આધારે એવી માહિતી મળી હતી કે, ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાંથી અન્ય રાજ્ય અને શહેરોની જી.આઈ.ડી.સી.માં કેમિકલની હેરાફેરી કરતા ટેંકર ચાલકો હાઈવે પરથી પસાર થાય છે. જેઓ ગમે ત્યાં ચોરી છુપીથી ટેંકરોમાંથી કેમિકલ ચોરી કરી અને ગેરકાયદેસર પ્રવૃતિ આચરતા રહેતા હોય છે, જે વાતની જાણ કંપનીઓ તરફથી પોલીસ તંત્રને કરવામાં આવતી રહેતી હોય છે. જેના કારણે એસ.ઓ.જી. પીઆઈ કે.ડી.મંડોરાએ પોતાની ટીમને આ કૌભાંડને છતું કરવા કાર્યવાહી હાથ ધરી દેવા આદેશ કર્યો હતો. કુલ ૮૦ લીટર ઈથાઈલ એસટેટ કેમિકલ ચોરેલુંએસ.ઓ.જી. સ્ટાફના માણસો વડદલા ગામે કાર્યવાહી કરવા આવતા પોલીસ કૉન્ટેબલોને બાતમી મળી હતી કે, વડદલા ગામની સામે આવેલા ટેંકરો માટેના પાર્કિંગ વાળી ખુલ્લી જગ્યામાં જી.એન.એફ.સી. ભરૂચમાંથી કેમિકલ ભરીને બહાર જતા ટેંકરોમાં કેટલાક ડ્રાઈવરો પોતાના ફાયદા માટે ટેંકરમાંથી કેમિકલ ખાલી કરી કેરબામાં ભરી રહ્યા છે અને ત્યાર બાદ બીજા અન્યને વેચી દે છે. જે આધારે ત્યાં રેડ કરતા ટેંકરમાંથી ડ્રાઈવર કમલેશ રાજકુમાર બિંદે ટેંકરના વાલ્વનું સીલ તોડી વાલ્વ ઉપર પ્લાસ્ટિકની પાઈપ ફીટ કરીને ટેંકરમાંથી ઈથાઈલ એસીટેટ કેમિકલ પ્લાસ્ટિકના ચાર કેરબાઓમાં ૨૦-૨૦ લીટર લેખે કુલ ૮૦ લીટર ઈથાઈલ એસટેટ કેમિકલ



ચોરી રહ્યા હતા. જેની કિંમત રૂ. ૫,૮૨૮ની છે. આશરે કુલ રૂ. ૧૨ લાખનો મુદ્દામાલ કબજેટેંકર તથા તેમાં ભરેલા કેમિકલને મળી કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૧૧ લાખ ૯૮ હજાર ૮૯૬ હતી. ત્યાર પછી આગળ કાર્યવાહી કરતા પોલીસ ટેંકરના ટ્રાન્સપોર્ટ માલિકને બોલાવી વિગતવારની ફરિયાદ લઈ લીધી અને બન્ને આરોપીઓ સામે ગુનો ભરૂચ શહેરના સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલો છે. તેની વધુ આગળની તપાસ એસ.ઓ.જી. ભરૂચ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

## સુપ્રીમના ચુકાદાથી પ્રમાણિક વેપારીઓને રાહત

# વેપારીએ ટેક્સ ચોરી કરી હોય તો ખરીદનાર હવે દંડાશે નહીં




જીએસટીની ચોરીના કિસ્સામાં વેચાણ કરનાર નહીં પરંતુ ખરીદનારા વેપારી પાસેથી વસૂલાત થતી હતી. મામલો સુપ્રીમ કોર્ટમાં જતા કોર્ટે ટેક્સ ચોરીની રકમ ખરીદનાર પાસેથી ન વસૂલી શકાય તેવો ચૂકાદો આપતાં રાહત થઈ છે. તાજેતરમાં જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા જીએસટી કરચોરી કરતા વ્યક્તિઓને ત્યાં દરોડા પાડી વેચાણ કરનાર વેપારીએ ટેકસ ન ભર્યો હોય તો ખરીદનાર વેપારી પાસેથી જીએસટી ટેકસ વસૂલ કરતી હોય છે.

આવા જ એક પ્રોવિઝન દિલ્હી વેટ એકટમાં હતું જેને લઈને એરાઈઝ ઈન્ડિયામાં ખરીદનાર વેપારી પાસેથી જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા માલ ઉપરની આઈટીસી પરત માંગવાના ડિપાર્ટમેન્ટના ઓર્ડરને દિલ્હી હાઈકોર્ટમાં રિટ કરી હતી. દિલ્હી હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, વેચનાર વેપારી ટેકસ ના ભરે તો ખરીદનાર વેપારી પાસેથી તેની વસૂલાત ન કરી શકાય તેની સામે જીએસટી ડિપાર્ટમેન્ટ સુપ્રીમ કોર્ટમાં અપીલ ફાઈલ કરી હતી. જેને સુપ્રીમ કોર્ટે ડિપાર્ટમેન્ટની અપીલને ખારિજ કરીને દિલ્હી હાઈકોર્ટનો ચુકાદાને માન્ય રાખ્યો છે. આ ચુકાદો આવતા ડિપાર્ટમેન્ટ ખરીદનાર વ્યક્તિ પાસેથી હવેથી જીએસટીની રિકવરી નહીં કરી શકે.

આમ ચુકાદો સામાન્ય રીતે વેટના સમયનો છે પરંતુ તેના જેવો સરખો પ્રોવિઝન જીએસટીમાં ઉમેરવામાં આવી છે. જીએસટીમાં સુપ્રીમનો ચુકાદો માન્ય ગણાશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ ચુકાદો આવતા વેચનાર વેપારીની ભૂલ અથવા ટેક્સ નહીં ભરવાના કારણે ખરીદનાર વેપારી પાસેથી ટેકસની વસુલાત કરી શકાશે નહીં. સામાન્ય રીતે જીએસટી ડિપાર્ટમેન્ટ દરોડા પાડે છે ત્યારે ખરીદનાર વેપારી પાસેથી ટેક્સની વસૂલાત કરે છે.

પરંતુ સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવતા હવેથી ટેક્સ ડિપાર્ટમેન્ટ ખરીદનાર વેપારી પાસેથી ટેક્સની વસૂલાત નહીં કરી શકે. આમ ખરીદનાર વેપારી ઉપર જીએસટી ડિપાર્ટમેન્ટ ખોટી રીતે દબાણ ઊભું કરીને વસૂલાત કરતું હતું. જે હવે બંધ થશે.

# ઉત્તર ગુજરાતમાં પોલીસ કર્મચારી લાંચ લેતા રંગેહાથ ઝડપાયો



ઉત્તર ગુજરાતના થરાદમાં પાલનપુર એસીબીએ લાંચ લેતા એ પોલીસકર્મી રંગેહાથ ઝડપાયો છે. થરાદ પોલીસ મથકના પીએસઓ વિજય જાદવ એક બુટલેગરને પરેશાન ન કરવા માટે ૭ હજાર રૂપિયાની લાંચ લઈ રહ્યો હતો. આ સમયે એસીબીએ તેની ધરપકડ કરી હતી.થરાદ પોલીસ કવાર્ટરની બહાર આવેલી મહાલક્ષ્મી સોસાયટી નજીક બુટલેગર પાસેથી પોલીસ કર્મચારીને એ.સી.બી. લાંચ લેતા જોયો. જે બાદ વિજય જાદવે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, એસીબીની ટીમે તેને ભાગ્યા બાદ પકડ્યો હતો.પાલનપુર એન્ટી કરપ્શન સ્ક્વોડ (એસીબી) ના પીઆઈ નિલેશ ચૌધરીએ જણાવ્યું હતું કે ફરિયાદી પાસે દારૂ વેચવા સહિતનો કેસ છે. પોલીસ કર્મચારી વિજય કરસનભાઈ જાદવને તેમની પાસેથી ૭ હજારની લાંચ લેતા બાતમી મળી હતી. જે બાદ તેની ટીમ પહેલાથી જ વિજય જાદવને અનુસરી રહી હતી. જેવા વિજય જાદવેને પૈસાની લાંચ લેતા  જોયો. કે ટીમે તુરંત જ તેને રંગેહાથે પકડ્યો હતો. હાલમાં તેની સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્વચ્છ ભારત અભિયાન: ગટરો હવે 'મશીનહોલ' નામે ઓળખાશે




સ્વચ્છ ભારત અભિયાન હેઠળ હવે ગટરના મેનહોલનો મશીન હોલ તરીકે ઉલ્લેખ કરવા માટે મ્યુનિ. કમિશનર દ્વારા અધિકારીઓને સૂચના અપાઈ છે. જેમાં મૂળ હેતુ ગટર સાથે માનવ કામગીરીને સાંકળતા સંકેતોની પરિભાવના બદલવાનો છે. મ્યુનિ. કમિશનરે કરેલા પરિપત્રમાં જણાવાયું છેકે, ગટરો અને સેપ્ટિક ટાંકીમાં માનવપ્રવેશને રોકવા માટે વિવિધ પ્રયાસ હાથ ધરાઈ રહ્યાં છે. એ પ્રયત્નોના ભાગરૂપે મંત્રાલય દ્વારા ભૂતકાળમાં પ્રકાશિત કરેલા દસ્તાવેજોમાં મેનહોલ શબ્દને બદલે મશીનહોલ શબ્દનો પ્રયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. ભારત સરકારની સૂચના પ્રમાણે મહાનગર પાલિકાના સ્ટાફ દ્વારા આવાસ અને શહેરી વિકાસકાર્ય મંત્રાલયના દસ્તાવેજોમાં મેનહોલ શબ્દને બદલે મશીનહોલ શબ્દપ્રયોગ કરવાનો રહેશે. મ્યુનિ.ઝોનલ ઓફિસથી લઈને ડે.મ્યુનિ.કમિશનર સુધીના તમામ ખાતાના અધિકારીઓ દ્વારા ગટર અને સુએજની વહીવટી કામગીરી દરમિયાન તેમજ તેના દસ્તાવેજોમાં મેનહોલ શબ્દને બદલે મશીનહોલ શબ્દપ્રયોગ કરવાનો રહેશે.

# સરકારી અનાજ બારોબાર પધરાવાનું કૌભાંડ ઝડપાયુ



છેલ્લાં ઘણાં સમયથી સરકારી અનાજ બારોબાર વેચી દેવાનું કૌભાંડ ચાલી રહ્યુ છે. શાહિબાગ ઘોડા કેમ્પ ખાતે આવેલા અનાજનાં ગોડાઉનમાં કામ કરતા પેટા કોન્ટ્રાક્ટરો અને સરકારી અનાજ વિતરણ કરતી દુકાનોના સંચાલકોની મીલીભગતથી આ કૌભાંડ આચરીને સરકાર અને ગરીબ લોકો સાથે છેતરપીંડી વર્ષોથી આચરવામાં આવી રહી છે.




**પોલીસ કંટ્રોલરૂમમાં ફોન ગયો હતો**

દાણીલીમડા પોલીસ ઢોર બજાર પાસે પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે એક બોલેરો ગાડીમાં સરકારી અનાજનો જથ્થો ગેરકાયદેસર રીતે કોઈ જગ્યાએથી ભરી બહેરામપુરા તરફથી પસાર થવાનો છે, જે બાતમીનાં આધારે ગાડીને રોકીને તપાસ ગાડીમાં વાહન ચાલક અરૂણ શર્મા તેમજ તેની સાથે રાજકુમાર ગુપ્તા ગાડીમાં સવાર હતા.

ગાડીની પોલીસે તપાસ કરતા પાછળનાં ભાગે સફેદ કલરની કોઈ પણ લખાણ કે માર્કા વગરની પ્લાસ્ટીકની થેલીઓમાં ધઉં ભરેલા જોવા મળ્યા હતા. જે જથ્થાનાં કોઈ બીલ કે આધાર તેઓ રજૂ કરી શક્યા નહોતા. તેમજ સરકારી માર્કાનાં ૭૦ બારદાન ખાલી જોવા મળ્યા. જેથી પોલીસે પુરવઠા અધિકારીને ફોન કરીને બોલાવ્યા તેમજ આ જથ્થો સરકારી અનાજનો હોવાનું ખુલ્યુ હતુ. ૫૦ કિલોની એક બોરી લેખે ૩૫૦૦ કિલો અનાજ જેમાં એક કિલો ધઉંની ૨૧ રૂપિયા કિમત લેખે ૭૩ હજારથી વધુની કિંમતનો આ અનાજનો જથ્થો હોવાનુ સામે આવ્યુ. વાહનમાં સવાર બન્ને શખ્સોને પુછતા આ અનાજનો જથ્થો બહેરામપુરા ગુજરાતી શાળા નંબર ૯-૧૦ની સામે, રાજુ એપાર્ટમેન્ટની નીચે આવેલા ન્યૂ પ્રકાશ સહકારી ભંડાર નામની સસ્તા ભાવની અનાજની દુકાનનાં સંચાલક રાજેન્દ્રસિંહ

**અમુક પેટા કોન્ટ્રાક્ટરો રાશનનાં દુકાન ચાલકો સાથે મળીને દર મહિને લાખો રૂપિયાનુ સરકારી અનાજ બારોબાર વેચીને સરકાર અને લોકો સાથે ઠગાઈ કરી રહ્યા છે.**

રાજપૂત પાસેથી ગેરકાયદેસર રીતે ખરીદી આ ધઉંનો જથ્થો સનાથલમાં ભોલેનાથ ફ્લોર મીલનાં માલીક ભુરાભાઈ પ્રજાપતિને પહોંચાડવાનો હોવાનું સામે આવ્યુ છે..પોલીસે ૩૫૦૦ કિલો અનાજનાં જથ્થાને સીઝ કરીને છેતરપીંડી તેમજ આવશ્યક ચીજ અધિનિયમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદનાં માધુપુરા વિસ્તારમાં એક મહિનાં પહેલા સરકારી અનાજ ભરીને બારોબાર વેચવા નિકળેલી ગાડી બાબતે પોલીસ કંટ્રોલરૂમમાં ફોન ગયો હતો અને પોલીસે ગાડી અટકાવી પણ હતી ત્યારે તે કેસમાં ફરિયાદી અને અનાજનાં કૌભાંડીઓ વચ્ચે સમાધાન થઈ જતા ફરિયાદ નોંધાઈ નહોતી. મહતવનું છે કે અમદાવાદમાં સરકારી અનાજ રાશનની દુકાનો સુધી પહોંચાડવાનો કોન્ટ્રાક્ટ સુફિયાન મંડળીને આપવામાં આવ્યો છે. જેનાંમુખ્ય કોન્ટ્રાક્ટની નીચે કામ કરતા પેટા કોન્ટ્રાક્ટરો જેમાં મુકેશ માહારાજ, માંગીલાલ તૈલી અને રામાજી તૈલી સહિતનાઓ છે..જેમાંથી અમુક પેટા કોન્ટ્રાક્ટરો રાશનનાં દુકાન ચાલકો સાથે મળીને દર મહિને લાખો રૂપિયાનુ સરકારી અનાજ બારોબાર વેચીને સરકાર અને લોકો સાથે ઠગાઈ કરી રહ્યા છે.. ત્યારે આ મામલે મોટી માછલીઓ પોલીસની ગીરફતમાં ક્યારે આવે છે જે જોવાનું રહ્યુ.

**પોલીસે ૩૫૦૦ કિલો અનાજનાં જથ્થાને સીઝ કરીને છેતરપીંડી તેમજ આવશ્યક ચીજ અધિનિયમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી**

# ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આરટીઓઓએ નિયમોમાં કર્યો ફેરફાર




ફરી એકવાર રાજ્યના વાહનચાલકો માટે મોટા સમાચાર મળી રહ્યા છે. આરટીઓઓએ ગુજરાતના કરોડો વાહનચાલકોને ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવા માટે સરળતા રહે તેના માટે અવાર નવાર નવા નિયમો લાવતી હોય છે, ત્યારે ફરી એકવાર ડ્રાઈવિંગ ટેસ્ટ માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ વાહનચાલક ઓટોમેટિક કારથી પણ હવે ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે, આ સિવાય ટૂ-વ્હીલરના ડ્રાઈવિંગ ટેસ્ટ માટે હેલ્મેટ અને એક મિરર ફરજિયાત કરાયો છે. જેથી મિરર વગરના વાહનો દ્વારા ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાશે નહીં. અમદાવાદના સુભાષબ્રિજ આરટીઓમાં હાલ રોજની ૨૦ ઓટોમેટિક કાર ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આવે છે. આરટીઓમાં ફોર વ્હિલર લાઈસન્સ મેળવવા લેવામાં આવતા ડ્રાઈવિંગ ટેસ્ટમાં હવેથી ઓટોમેટિક મોટરકાર માન્ય રહેશે. કોઈ પણ અધિકારી કે ટેસ્ટ સાથે સંકળાયેલા પ્રાઈવેટ એજન્સીના માણસો રિવર્સ કેમેરા, સેન્સર્સ ટેકનોલોજીથી સજ્જ મોટરકારથી ટેસ્ટ ડ્રાઈવ માટે ઈનકાર કરી શકશે નહીં. તેમ વાહન વ્યવહાર વિભાગના અગ્રસચિવે જણાવ્યું હતું.



**ટૂ-વ્હીલરના ડ્રાઈવિંગ ટેસ્ટ માટે હેલ્મેટ અને એક મિરર ફરજિયાત કરાયો**

અત્યાર સુધી આરટીઓ રૂલ્સનું મનસ્વી અર્થઘટન કરીને ડ્રાઈવિંગ ટેસ્ટમાં ઓટોમેટિક ને બદલે મેન્યુઅલ અર્થાત ગિયરવાળી કારને જ એન્ટ્રી આપવામાં આવતી હતી. સુરત-અમદાવાદ જેવા મોટા શહેરોમાં તો આવી કારથી અપાયેલા ટેસ્ટને રિજેક્ટ કરવામાં આવતા હતા. નાગરિકોને પડતી આ મુશ્કેલી સંદર્ભે અગ્રસચિવ સુનયના તોમરને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે આરટીઓમાં સેન્સર આધારિત ટ્રેકિંગ સિસ્ટમમાં આટોમેટિક કારથી ડ્રાઈવિંગ ટેસ્ટ માન્ય હોવાનું સ્વીકાર્યું હતું. પરંતુ ત્યારબાદ અગ્રસચિવે આરટીઓમાં ઓટોમેટિક કારને પણ માન્ય રાખવા આદેશો કર્યા હતા. ટ્રાફિક રૂલ્સ સંદર્ભે સર્જાયેલી અરાજકતા વચ્ચે વાહન વ્યવહાર વિભાગની અગાઉ હાઈલેવલ બેઠક મળી હતી. જેમાં લાઈસન્સ, પીયુસી સહિત કામકાજ માટે અમદાવાદ, સુરત, રાજકોટ સહિતની તમામ ક્ષેત્રિય કચેરીઓ દરરોજ સવારે બે કલાક વહેલા કાર્યાન્વિત કરવા તેમજ રવિવારે પણ ચાલુ રાખવા નિર્ણય લેવાયો છે.

**ફોર વ્હિલર લાઈસન્સ મેળવવા લેવામાં આવતા ડ્રાઈવિંગ ટેસ્ટમાં હવેથી ઓટોમેટિક મોટરકાર માન્ય રહેશે. કોઈ પણ અધિકારી કે ટેસ્ટ સાથે સંકળાયેલા પ્રાઈવેટ એજન્સીના માણસો રિવર્સ કેમેરા, સેન્સર્સ ટેક્નોલોજીથી સજ્જ મોટરકારથી ટેસ્ટ ડ્રાઈવ માટે ઈનકાર કરી શકશે નહીં.**

ઓટોમેટિક કાર અને કારમાં રિવર્સ, પાર્કિંગ કેમરા ચાલુ રાખીને પણ ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકાશે. સરકારના ટોચના અધિકારીએ કહ્યં કે, આ ટેક્નોલોજી સેફટી માટે છે. પરંતુ, સેન્સર બેઝડ ટ્રેકિંગ સિસ્ટમનું સંચાલન કરી રહેલી પ્રાઈવેટ એજન્સીઓ ઓટોમેટિક કાર કે રિવર્સ કેમેરાથી ટેસ્ટ માન્ય રાખે તો લાઈસન્સ માટે અરજી કરનાર નાગરિકને પહેલી જ ટેસ્ટમાં સફળતા મળી શકે. વારંવાર ટેસ્ટ આપવા ન આવે તો પ્રોસેસ ફીના નામે થતી તેની આવક ઘટે તેમ હોવાથી ઓટોમેટિક અને કેમરા આધારિત મોટરકારનો સ્વીકાર કરવામાં આવતો નહોતો. હવે કોઈ પણ અધિકારી કે એજન્સી તેનો ઈનકાર કરી શકશે નહીં. આવી ફરિયાદો માટે સરકાર એક કોલસેન્ટર જેવં મિકેનિઝમ પણ શરૂ કરવાનું વિચારી રહી છે.






# અપનાવો: જિંદગી જીવવા માટેના ત્રણ ગોલ્ડન રૂલ્સ

મિત્રો આપણે આપણી જિંદગીમાં ઘણીવાર એવી સમસ્યાઓમાં આવી જઈએ છીએ ત્યારે આપણને થાય કે કાશ આપણે આ પરેશાનીને સરળતાથી સોલ્વ કરી શકીએ અથવા તો કોઈપણ પરિસ્થિતિમાં પોતાને વધુ મજબુત બનાવી શકીએ. તમારા મનમાં પણ ક્યારેક ને ક્યારેક આવી વાત જરૂર આવી હશે કે કઈક એવો રસ્તો આપણને મળી જાય કે જેનાથી જીવન સરળ થઈ જાય. પરંતુ આવો કોઇ શોર્ટકટ નથી પરંતુ એવા ઉપાયો છે કે જેનો તમે તમારી લાઇફમાં અમલ કરો છો તો તેનાથી તમને ખૂબ જ ફાયદો થશે.

■ જિંદગીના ત્રણ સ્ટેપ ફોલો કરી હંમેશા ખુશ રહો

અહીં તમને તમારા જીવનને સારી રીતે જીવવા માટે ૩ ગોલ્ડન રુલ્સ બતાવીશું. જે તમે તમારી લાઇફમાં ફોલો કરશો તો તેનાથી તમને ફાયદો જરૂરથી મળશે અને ખરાબ સમય પણ સરળતાથી દૂર થઈ જશે.

કર્મ કરો ફળની ચિંતા ના કરો

ભગવદ્ ગીતામાં લખેલો આ શ્લોક ખૂબ જ ઊંડો વિચાર ધરાવતો છે. જો તમે આ ધ્યાનથી સમજશો તો તમારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે કે જે કંઈ પણ કરવા માંગો છો તે કોઈપણ **Reward** માટે ના કરવું જોઈએ. આપણે જીવનની દરેક પરિસ્થિતિમાં પોતાનું બેસ્ટ આપવાની કોશિશ કરવી જોઈએ જેથી આપણને કોઈ લાલચ કે નુકશાન થવાનો ડર ના રહે. તમારે જીવનમાં જે પણ કરવું છે તો પોતાનું સો ટકા યોગદાન આપવું.

જ્યારે તમે કોઈ ચીજવસ્તુ મેળવવા માટે સ્વાર્થ અને લાલચ વગર મહેનત કરો છો તો તમને લાભ તો થશે પરંતુ સાથે સાથે જો તમે તમારા લક્ષ્ય કે કામને પૂરું ના કરી શકો તો તમને એ ચીજ પૂરી ના થવાનું નુકશાન પણ નહીં રહે. તમારે આ ગુરુમંત્ર હંમેશા યાદ રાખવાનું છે કે તમે જે પણ કરો છો તે કોઈ પણ પ્રકારની લાલચ વગર કરો અને કર્મ કરતા જાવ પરંતુ તેના બદલામાં કોઈ ફળ ના વિશે ના વિચારો.

■ જે થશે સારું થશે

તમે માનો કે ના માનો પરંતુ આ દુનિયામાં જે પણ થાય છે તે સારા માટે થાય છે. આ વિચાર જેટલો જેટલો મનમાં વિચારવા માટે લોભામણો લાગે છે એટલો જ આ વિચાર રિયલ લાઇફમાં પણ કામ કરે છે. જ્યારે આપણી સાથે કોઈ ઘટના થાય કે પછી આપણી જોડે કોઈ ખરાબ થાય ત્યારે આપણે ખૂબ ચિંતામાં આવી જઈએ છીએ. પરંતુ જ્યારે તે સમય વીતી જાય ત્યારે આપણને તે ઘટના વિશે વિચારીએ છીએ ત્યારે આપણને એ જોવા મળે છે કે જે કઈ પણ થયું છે તે સારું જ થયું છે.

તમારે તમારા જીવનમાં દરેક સમયે પોતાનો બેસ્ટ પ્રયત્ન આપવાનો વિચાર કરવો જોઈએ. તથા કાઈપણ સારું કે ખરાબ થવા પર વિચલિત ના થવું. કેમકે આપણે લાઈફની દરેક ચીજ ક્યાંકને ક્યાંક આપણા જીવન સાથે કનેક્ટ છે અને તેનો અહેસાસ આપણને ત્યારે થાય છે જ્યારે તે ચીજ બદલાઈ જાય છે. તેથી હંમેશા યાદ રાખવું કે લાઈફમાં જે કંઈ થાય છે તે સારું જ થાય છે.

■ વધુ સારા બનતા જાવ

વધુ સારા બનતા જાવ. આ વાત દરેક માણસ જાણે છે કે તેની લાઈફમાં જેમ જેમ મોટો થતો જાય છે કેવી રીતે તેને પણ સારું બનતા જવું જોઈએ. જ્યારે પોતાને સારા બનાવવા માટે તે વાત નક્કી કરી લે છે ત્યારે પોતાના માં જરુરથી બદલાવ આવવાનો ચાલુ થઈ જાય છે. તમે કોઈપણ ટેકનિકલ ચીઝને જોઈ તે સમય-સમય પર અપડેટ થઈ જાય છે. અપડેટનો મતલબ છે કે તે પહેલાથી વધારે સારી બનતી જાય છે જેના લીધે એક સમય એવો આવે છે કે એક સમય એવો આવે છે કે જ્યારે એ વસ્તુનો મુકાબલો કોઈ નથી કરી શકતું. તમારી અંદર સારા બનવાની ક્ષમતા છે, તમારી અંદર સારા બનવાની આવડત પણ છે. પરંતુ એ તમે ત્યારે જોઈ શકશો જ્યારે તમે તેના વિશે વિચારશો. તમારે તમારા જીવનના દરેક પાર્ટમાં પોતાને પહેલા કરતાં વધુ સારા બનાવવા જોઈએ. જો અત્યારે તમે કોઈ વસ્તુને નથી સમજી શકતા અને તે તમારા માટે સમજવી જરૂરી છે તો તમારે ધીરે ધીરે તેના વિશે શીખવું જોઈએ, જેથી તમે પહેલા કરતાં વધુ સારા બની શકો.

# ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સનો પ્રારંભ થશે

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ટાટા ગ્રુપ સાથે મળીને ગાંધીનગરના નાસ્મેદ ગામ ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (આઈઆઈએસ) ની સ્થાપના કરવામાં આવી રહી છે. ટાટા ગ્રુપની હાઈ પાવર્ડ ટીમ દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ અધિકારી એચ.એન. નિવાસ, કાયદાકીય સલાહકાર ઉદય ખરે અને તેમની ટીમનો સમાવેશ થાય છે. શ્રમ અને રોજગાર વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વિપુલ મિત્રાએ ટાટા ગ્રુપને તાત્કાલિક ધોરણે આ અંગેની કામગીરી શરૂ કરવા જણાવ્યું છે. ટાટા ગ્રુપે આ અંગેનો એક્શન પ્લાન આપ્યો હતો અને બને તેટલી ઝડપથી કામગીરી શરૂ કરવાની ખાતરી આપી હતી.

ગુજરાત સરકાર અમદાવાદથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નાસ્મેદ ખાતે આઈઆઈએસ માટેની કામગીરી શરૂ કરશે, જેનો ઉદ્દેશ હાઈલી સ્પેશિયલાઈઝ્ ક્ષેત્રોમાં તાલીમ આપવાનો છે. આ માટે રાજ્ય સરકારે ટાટા ગ્રુપને લગભગ ૨૦ એકર જમીનની ફાળવણી કરેલી છે. વિપુલ મિત્રાએ જણાવ્યું કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સનો ઉદ્દેશ તાલીમ આપવાનો અને ઉચ્ચ કૌશલ્યયુક્ત ટેકનીકલ મેનપાવરને તૈયાર કરવાનો છે, જેથી કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સાયબર સિક્યોરિટી, એડિટિવ મેન્યુફેક્ચરિંગ, ઓગમેન્ટેડ રિયાલિટી, સિસ્ટમ ઈન્ટિગ્રેશન, ક્લાઉડ બેઝ્ડ એપ્લિકેશન, સિમ્યુલેશન સોલ્યુશન્સ, ઈન્ડસ્ટ્રિયલ રોબોટ્સ, બિગ ડેટા એનાલિસિસ, ફેક્ટરી ઓટોમેશન, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ, સ્માર્ટ મિકેટ્રોનિક્સ, પ્રિડિક્ટિવ મેઈન્ટેનન્સ, ડિજિટલ ક્વૉલિટી અને ડિઝાઈન જેવા ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગ ટ્રેડ્સ જેવાં હાઈલી સ્પેશિયલાઈઝ્ડ ક્ષેત્રોની કૌશલ્યવાળા કર્મચારીઓની માંગને પૂરી કરી શકાય. આ ઉપરાંત, આવા ક્ષેત્રોમાં ડિફેન્સ, એરોસ્પેસ, ઓઈલ અને ગેસ સંબંધિત વેપારનો પણ સમાવેશ થાય છે.

## રાજ્યની ૯૪૩ સરકારી અને ૩૨૪૦ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ

રાજયની ૯૪૩ સરકારી અને ૩૨૪૦ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ સેવા ભારત સંચાર નિગમ લીમીટેડ દ્વારા પ્રથમ તબક્કામાં પુરી પાડવામાં આવી છે અને ૩૧ નવેમ્બર સુધીમાં ૧૪૫ સરકારી અને ૧૭૫૩ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ઈન્ટરનેટ સેવા પુરી પાડી છે. આથી જે શાળાઓમાં ભારત સંચાર નિગમ લીમીટેડ સેવા પુરી પાડી શકી નથી તેવી ૭૯૮ સરકારી અને ૧૪૮૭ બિન સરકારી અનુદાનિત શાળાઓને જે તે જિલ્લામાં સૌથી સારી ઈન્ટરનેટ સેવા પુરી પાડતી એજન્સી મારફતે શાળા કક્ષાએ સેવાઓ મેળવવાની ગ્રાન્ટ જે તે શાળાને ફાળવવાનો નિર્ણય કમિશ્નર ઓફ સ્કૂલ્સ દ્વારા કરવામાં આવ્યો છે. કમિશનર, શાળાઓની કચેરીના નાયબ નિયામકે રાજયના જિલ્લા શિક્ષણાધિકારીઓને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, આ યોજનામાં માત્ર સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવશે. જો કોઈ કારણસર યાદીમાં/યોજનામાં સમાવિષ્ટ શાળા બંધ થાય કે પછી બંધ હોય અથવા યોજનામાં જોડાવવા ન માંગતી હોય તેની જાણ તેના સ્થાને સમાવવાની થતી શાળાની વિગતો શિક્ષણ વિભાગને કરવાની રહેશે. આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ કનેકશન ઈન્સ્ટોલ કરવા સહિત શાળા દીઠ માસિક મહત્તમ ૧૨૫૦ રૂપિયા ચૂકવી શકાશે. શાળા જે તે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઈન્ટરનેટ સેવા પ્રોવાઈડરની સર્વિસ સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઈન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે. શાળા દ્વારા કોઈ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ઈન્ટરનેટની સર્વિસ લીધા બાદ જો તેઓને ઈન્ટરનેટ સર્વિસ બાબતે ફરિયાદ હોય તો ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર બદલવા અંગેનો નિર્ણય લઈ શકશે. તેમ જ ઈન્ટરનેટ કનેકશન સંદર્ભે થતી તમામ સમસ્યાઓનું નિરાકરણ શાળાએ જ કરવાનું રહેશે. ઈન્ટરનેટ કનેક્ટિવીટી અંગેની લોગ બુક શાળાએ નિભાવવાની રહેશે. જેમાં શાળામાં જે દિવસે ઈન્ટરનેટ કનેક્ટિવીટી ખોરવાય તે તારીખની નોંધણી તેમ જ કમ્પલેઈન નંબર સહિતની નોંધ કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ તેઓના જિલ્લાની શાળાઓના

# ૭૯૮ સરકારી તથા ૧૪૮૭ બિન સરકારી અનુદાનિત શાળાઓ ઈન્ટરનેટ સેવાથી વંચિત

ઈન્ટરનેટ કનેકશન બાબતે તમામ વિગતો નિભાવવાની રહેશે. તેમ જ શાળાઓને નિયમિત ગ્રાન્ટની ચૂકવણી કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ ઓડિટને આધિન રહેશે. શાળાએ આ યોજના હેઠળ કનેકશન લીધું છે કે કેમ તેની ચકાસણી ડીઈઓ કચેરી દ્વારા કરવાનું રહેશે. શાળાઓ દ્વારા શક્ય એટલા વધુ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ભાવપત્રક મેળવ્યા બાદ સર્વિસને ધ્યાનમાં લઈને સર્વિસ પ્રોવાઈડરની સેવાઓ લેવી. શાળામાં અમર્યાદિત ઈન્ટરનેટ સુવિધા શાળાના શૈક્ષણિક અને વહીવટી કાર્યો માટે પુરા પાડવામાં આવ્યા છે. આ કનેકશનનો ઉપયોગ વ્યવસાયિક કે અન્ય ખાનગી સંસ્થાના કે વ્યક્તિગત ઉપયોગ માટે ન થાય તેની તકેદારી જે તે શાળાના આચાર્યએ રાખવાની રહેશે. આવી કોઈ બાબત ધ્યાને આવશે તો તે શાળા વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

# જીટીયુના સ્ટાર્ટઅપકર્તાએ સોલિડવેસ્ટનો ઉપયોગ કરી પેવર બ્લોકનું નિર્માણ કર્યું



સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટીકનું ઉત્પાદન અને તેના વપરાશમાં દિન-પ્રતિદિન વધારો થતો જોવા મળે છે. પરંતુ વપરાશ પછી તેનો યોગ્ય નિકાલ કરવો એ બહુ મોટી સમસ્યા જોવા મળી રહી છે. જે સમગ્ર માનવસૃષ્ટીના જીવનચક્ર માટે પણ એક મોટો પડકાર છે. પ્લાસ્ટીકનો યોગ્ય નિકાલ થાય તે હેતુસર, જીટીયુના સ્ટાર્ટઅપકર્તા કિશન પટેલ દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ, ફ્લાય એસ અને સોલિડવેસ્ટનો ઉપયોગ કરીને પેવર બ્લોકનું નિર્માણ કર્યું છે. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટીના (જીટીયુ)ના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, આજના સમયમાં પ્લાસ્ટીકનો યોગ્ય નિકાલ થવો એ સમગ્ર વિશ્વ માટે મોટી સમસ્યા છે. આ પ્રકારના સ્ટાર્ટઅપ તેનું નિરાકરણ છે. જે કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત અભિયાનમાં પણ સહભાગી થાય છે. જ્યારે જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેરે પણ સ્ટાર્ટઅપકર્તાને સંશોધન બદલ અભિનંદન પાઠવ્યા હતાં. આર્કોન કોમ્પોઝાઈટ્સ પ્રોડક્ટ સ્ટાર્ટઅપના કિશન પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ફૂટપાથ અને જાહેર સ્થળો પર લગાવવામાં આવતાં પેવર બ્લોકની જરૂરીયાતને ધ્યાનમાં રાખતાં તેમજ આજના સમયમાં પ્લાસ્ટીકનો યોગ્ય નિકાલ થાય તે હેતુસર અમારા દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ, ફ્લાય એસ અને સોલિડવેસ્ટનો ઉપયોગ કરીને પેવર બ્લોકનું નિર્માણ કર્યું. ૨.૭૫ કિલોના ૧ પેવર બ્લોક ૧૫ ટન વજન સહન કરવાની ક્ષમતા ધરાવે છે. શરૂઆતના ધોરણે રીસર્ચ કરવાના હેતુસર, અમદાવાદ મ્યુન્સિપલ કોર્પોરેશન જોડેથી પીરાણા ડમ્પ સાઈટનું ૨૦૦૦૦ કિલો પ્લાસ્ટીક ખરીદવામાં આવ્યું હતું. હાલના સમયે આણંદ નગરપાલિકા પાસેથી ૭ રૂપિયા પ્રતિ કિલોના ભાવે પ્લાસ્ટીક વેસ્ટ ખરીદીને પેવર બ્લોક બનાવવામાં આવે છે. પ્લાસ્ટીક સહિત તેમાં ટોરેન્ટમાંથી નિકળતી ફ્લાય એસ અને મિકેનિકલ ઈન્ડસ્ટ્રીઝમાંથી સેન્ડ સ્વરૂપે નિકળતાં વેસ્ટનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

# જીએસટી વિભાગ દ્વારા કરચોરી કેસમાં ૫ લોકોની ધરપકડ

**અમદાવાદ અને મોરબીમાં રૂ૨૨ કરોડથી વધુની કરચોરી ઝડપાઈ**

સરકાર દ્વારા વિવિધ એજન્સીઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા આંકડા અને સૂચનાઓના આધારે જીએસટી ચોરી રોકવા માટે સતત પગલા ભરી રહી છે, ત્યારે ગુજરાતમાંથી મોટી કરચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ૨૨ કરોડ રૂપિયાથી વધુ કિંમતની કરચોરી કેસમાં ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલ મોરબી સિરામિક ઉદ્યોગનું હબ મનાય છે. જ્યાં કરોડો રૂપિયાની લેવડ-દેવડ થતી હોય છે.

જેને પગલે સરકારી એજન્સીઓની ચાંપતી નજર રહેતી હોય છે. જેમાં મોરબીમાંથી સિરામિકનો માલ-સામાન બિલ વગર બહાર મોકવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. તપાસમાં ૩૯,૮૯,૦૦,૦૦૦ લાખ રૂપિયાનો માલ બારોબાર બિલ વિના મોકલીને ૭ કરોડ ૧૮ લાખ રૂપિયાની કરચોરી કરવામાં આવી હોવાનું જણાયું હતું. જ્યારે મોરબીના બોગસ બિલિંગના કૌભાંડમાં સામેલ ધ્રુવ વરોનેશિયા, કિશન અઘારા, અવિનાશ માકાસાણા અને ધવલ ફૂલતરિયાની ધરપકડ કરી હતી.

આ ટોળકીએ અત્યાર સુધીમાં ૧૩૦૫ ટ્રકો ભરીને માલની હેરફેર કરી નાખી હોવાનું સામે આવ્યું છે. આજ રીતે અમદાવાદમાં પણ પાન-મસાલા બિલ વિના સપ્લાય કરવામાં આવતા હતા. જેના પર જીએસટી વિભાગની ટીમે કાર્યવાહી કરતાં કુલ ૧૫ કરોડ ૩૧ લાખ રૂપિયાની કરચોરી ઝડપાઈ છે. આમ જીએસટી વિભાગે એક જ દિવસમાં મોરબી અને અમદાવાદમાં સઘન કાર્યવાહી કરીને કુલ ૨૨ કરોડ ૪૯ લાખ રૂપિયાની કરચોરી ઝડપી પાડી છે.

# દુનિયાના વિવિધ દેશોમાં ૭૦૦૦થી વધુ ભારતીયો જેલમાં બંધ: સરકાર



કેન્દ્ર સરકારે દુનિયાના વિવિધ દેશોની જેલમાં પૂરાયેલા ભારતીયોની સંખ્યાનો આંકડો જાહેર કર્યો છે.જે પ્રમાણે ૭૦૦૦ જેટલા ભારતીયો વિવિધ જેલોમાં બંધ છે. રાજ્યસભામાં પૂછાયેલા એક સવાલના જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી વી મુરલીધરને કહ્યુ હતુ કે, આ તમામ ભારતીયોને કાયદાકીય સહાયતા આપવામાં આવી રહી છે.જે તે દેશના ભારતીય દૂતાવાસો આ કામ કરે છે.તેમણે કહ્યુ હતુ કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના આંકડા પ્રમાણે વિદેશી જેલોમાં કેદ ભારતીયોની સંખ્યા ૭૦૦૦ થવા જાય છે. આ પૈકીના સૌથી વધારે ૧૫૯૯ ભારતીયો સાઉદી અરબની જેલમાં છે.૨૬૫ ભારતીયો અમેરિકા, ૮૯૮ ભારતીયો યુએઈ, ૪૧૧ ભારતીયો કતાર, ૮૮૬ ભારતીયો નેપાળની જેલમાં બંધ છે.એ જ રીતે ૫૩૬ ભારતીયો કુવેત, ૨૨૧ ઈટાલીની જેલમાં અને ૬૩ ભારતીયો પાકિસ્તાનની જેલમાં પૂરાયેલા છે. તેમણે કહ્યુ હતુ કે, કેટલાક દેશોમાં પ્રાઈવસીના નિયમો આકરા હોવાથી કેદીઓ જ્યાં સુધી સંમતિ ના આપે ત્યાં સુધી જાણકારી આપવામાં આવતી નથી.જોકે ભારતીય દૂતાવાસ તેમના કેસ પર નજર રાખતા હોય છે અને જેલમાં ભારતીયોને કાયદાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે.આ માટે વકીલોની એક પેનલ પણ રાખવામાં આવે છે.ભારત સરકાર પણ ભારતીયોની સજા ઓછી કરવા માટે કોશીશ કરતી હોય છે.

# ખેડામાં ૨૫૦૦ પોલીસ કર્મી એકસાથે ટ્રેનિંગ લઈ શકે તેવું સેન્ટર બનશે



ખેડાના ખલાલ ખાતે પોલીસ કર્મચારીઓ માટે અલાયદું ટ્રેનિંગ સેન્ટર શરૂ કરાશે, જ્યાં ૨૫૦૦ પોલીસ કર્મચારી એકસાથે ટ્રેનિંગ લઈ શકશે. રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા ૨૬૫ કરોડના બજેટ હેઠળ આ ટ્રેનિંગ સેન્ટર આગામી ત્રણ વર્ષમાં શરૂ થાય તેવી સંભાવના છે. આગામી ૧૫ એપ્રિલથી તેનું નિર્માણકાર્ય શરૂ થઈ જશે. રાજ્યને કેન્દ્ર તરફથી એનએસજી કમાન્ડો ટ્રેનિંગ સેન્ટરની મંજૂરી અપાઈ હતી. આથી ખલાલમાં કમાન્ડો ટાઈપ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના થઈ હતી. સેન્ટરમાં કમાન્ડો ટ્રેનિંગ ઉપરાંત એલઆરડી ઉમેદવારોને પણ ટ્રેનિંગ આપવાની વિચારણા ચાલી રહી હતી, જેને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. રાજ્ય પોલીસ આવાસ નિગમના એમ.ડી.એ કહ્યું કે, અત્યાર સુધી રાજ્યમાં પોલીસ કર્મચારીઓને અલગ અલગ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે, જેમાં અમુક સ્થળે પૂરતી સુવિધાઓનો અભાવ જણાતો હતો, જેના કારણે ટ્રેનિંગ લેનારા ઉમેદવારોને તકલીફ ઉઠાવવી પડતી હોય છે. આ સંજોગોમાં ખાસ એલઆરડી માટેના જ ટ્રેનિંગ સેન્ટરની સુવિધા ઊભી થવાથી એક જ સ્થળે તમામ પ્રકારની ટ્રેનિંગ લેનારી વ્યક્તિમાં સારી ભાવના આવશે અને તે ગર્વપૂર્વક ટ્રેનિંગ લઈ પોતાની ફરજ સારી રીતે બજાવી શકશે. સેન્ટરમાં ટ્રેઈની મહિલા-પુરુષ માટે હોસ્ટેલ, ૬ પરેડ અને ફૂટબોલ ગ્રાઉન્ડ, ૩૦ વોલીબોલ કોર્ટ, ઓડિટોરિયમ, એમ્પિથિયેટર, સ્વિમિંગ પૂલ, ઈન્ડોર ગેમ કોમ્પલેક્સ, સ્ક્વોશ-બેડમિન્ટન કોર્ટ, ફોરેન્સિક લેબ ઉપલબ્ધ કરાશે. ગુજરાત પોલીસ આવાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર એ જણાવ્યું કે, ભવિષ્યમાં જરૂર પડશે તો વધુ ૨૫૦૦ પોલીસ કર્મીઓને ટ્રેનિંગ આપી શકાય તે પ્રકારનું આયોજન અત્યારથી જ કરવામાં આવ્યું છે.



# પત્ની પાસેથી રુપિયા માગવા તે અત્યાચાર નથી: બોમ્બે હાઈકોર્ટ



## પત્ની પાસેથી રુપિયા માગવાને સતામણી અને આત્મહત્યા માટે પ્રેરણા આપવાની શ્રેણીમાં ન ગણવાનું કહ્યું

મહારાષ્ટ્રમાં બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેંચે ચુકાદો આપ્યો છે કે પત્ની પાસેથી પૈસા માંગવાને સતામણીની શ્રેણીમાં ન મૂકવામાં આવે. આ નિર્ણય સાથે કોર્ટે પત્નીને ૯ વર્ષના લગ્ન બાદ આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનાં આરોપી વ્યક્તિને મુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. સામાન્ય રીતે મહિલાઓ વિરુદ્ધના અત્યાચારના કિસ્સામાં દહેજની માગણી કરવી, માનસિક ત્રાસ આપવો, મ્હેંણા ટોંણા મારવા અને તેના કારણે મહિલા આત્મહત્યા કરે તો તેના માટેની પેરણા આપવાનો ગુનો નોંધવામાં આવતો હોય છે. જસ્ટિસ પુષ્પા ગનેડીવાલાએ અરજદાર પ્રશાંત જારેની મુક્ત કરવાની અપીલને મંજૂરી આપતા કહ્યું હતું કે, "આ મામલો પતિ-પત્ની વચ્ચેના ઝઘડા સાથે સંબંધિત છે. જ્યાં પતિએ પૈસા માટે પત્ની પર હુમલો કર્યો હતો. પત્ની પાસેથી પૈસાની માંગને કલમ ૪૯૮એ હેઠળ સતામણીની શ્રેણીમાં ન મૂકવામાં આવી શકે.' જજે કહ્યું કે, "આરોપી પોતાની પત્નીને જવા દેવાને બદલે તેની સાથે રહેવા માંગતો હતો. ઝઘડો થયા પછી તે ઘણીવાર તેને પિતાના ઘરેથી લઈ આવ્યો હતો. તે તેને હોસ્પિટલમાં પણ લઈ ગયો હતો અને અંતિમ સંસ્કાર માટે પિતાને મૃતદેહ આપવાની ના પાડી દીધી હતી. જસ્ટિસ પુષ્પા ગનેડીવાલાએ જ તાજેતરમાં ત્વચાથી ત્વચાના સંપર્ક વિના સગીર છોકરીના સ્તનને સ્પર્શ કરવાની ઘટનાને જાતીય ગુનાઓની શ્રેણીમાં ન ગણવાનો નિર્ણય લીધો હતો. અવયસ્ક છોકરીના વક્ષસ્થળને સ્કિન ટુ સ્કિન ટચ વિના સ્પર્શ કરવાને પોક્સો હેઠળ ગુનો ના કહી શકાય તેવા બોમ્બે હાઈકોર્ટના નિર્ણ પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે. યુથ બાર એસોસિયએશન દ્વારા બોમ્બે હાઈકોર્ટના આ ફેસલા વિરુદ્ધ સુપ્રીમમાં પિટિશન કરવામાં આવી હતી. નાગરિક સંગઠનો ઉપરાંત, અનેક જાણીતા લોકોએ પણ આ ફેસલાને હાસ્યાસ્પદ ગણાવી તેની આલોચના કરી હતી. આ દંપતીના લગ્ન ૧૯૯૫ માં થયા હતા. ૧૨ નવેમ્બર, ૨૦૦૪ના રોજ પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. મૃતકનાં પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને જણાવ્યું હતું કે દહેજની લાલચે પતિ દ્વારા ત્રાસ આપવામાં આવ્યો હતો. યવતમાલ સેશન્સ કોર્ટે આત્મહત્યા માટે ઉકસાવવા અને સતામણી કરવા હેઠળ ૨૦૦૮માં કુલ ચાર વર્ષની જેલની સજા ફટકારી હતી. આરોપીએ આ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

# ગાંધીનગરમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ૪૧ અરજીની તપાસ શરૂ



ગુજરાતમાં ધાક-ધમકી આપીને અથવા તો ખોટી રીતે જમીનો પચાવી પાડીને એ જમીનો પર ગેરકાયદેસર કબ્જો જમાવતા લોકો માટે રાજ્ય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટનો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કુલ ૬૦ અરજીઓ આવી ચૂકી છે. આ અંગે વધુ વિગતો આપતા ગાંધીનગર કલેક્ટર કુલદીપ આર્યાએ જણાવ્યું કે, રાજ્યમાં જે લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કરવામાં આવ્યો છે, તે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૬૦ અરજીઓ કલેક્ટર ઓફિસને મળી ચૂકી છે. જેમાંથી ૪૧ અરજીઓની તપાસ શરૂ કરવામાં આવી હતી. હાલ ૧૬ અરજીની તપાસ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ૫ અરજીઓની તપાસ કરીને પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગાંધીનગર જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંતર્ગત ફરિયાદો મળ્યા બાદ તેના પર સમિતિ દ્વારા તપાસ અને ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. પોલીસ ફરિયાદનો નિર્ણય પણ સમિતિની બેઠકમાં જ લેવામાં આવે છે.

આમ સમિતિની પ્રથમ બેઠકમાં જ ૪ જ્યારે બીજી બેઠકમાં ૧ અરજી પર પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ ગાંધીનગર જિલ્લામાં ૬૦ અરજીઓ પૈકી હાલ ૫ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જ્યારે આગામી સમયમાં પણ વધુ તપાસ કર્યા બાદ અન્ય પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવશે.

# મહેસાણાના મંડાલી ખાતે આવેલ રાજ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ: ફેક્ટરી ગેરકાયદેસર






મહેસાણાના મંડાલી હાઈવે પર ટુંડાલી ગામની સીમમાં સોમેશ્વર જીઆઈડીસીમાં આવેલી રાજ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ઝેરી ગેસને કારણે ૩ શ્રમિકોનાં મોત પ્રકરણમાં પોલીસે કેમિકલ પ્લાન્ટ નાખનારા મિતુલ મિસ્ત્રીની ધરપકડ કરી હતી. બીજી બાજુ અત્યાર સુધી કુંભકર્ણની જેમ ઊંઘતા રહેલા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની ટીમની તપાસમાં કારખાના ધારા હેઠળ રજીસ્ટ્રેશન કરાવ્યા વગર, લાયસન્સ લીધા વગર દોઢ-બેક મહિનાથી ઈન્ડસ્ટ્રીઝ ધમધમતી હતી. જેમાં સેફ્ટીના સાધનો વગર કામકાજ ચાલતું હોવાનું બહાર આવતાં ક્લોઝર નોટિસ અપાઈ છે.

લાંઘણજ પીએસઆઈ એસ.ડી. રાંતડાએ ત્રણ શ્રમિકોનો ભોગ લેનારી કેમિકલ ફેક્ટરીના માલિક મિતુલ મિસ્ત્રીની ધરપકડ કરી પૂછપરછ કરતાં ચોંકાવનારી હકિકત ખુલી હતી. જેમાં તેને રવિ પટેલ સાથે મળીને કોઈપણ લાયસન્સ વિના છ મહિના પહેલાં સોમેશ્વર જીઆઈડીસીમાં ભાડે રાખેલી ફેક્ટરીમાં કેમિકલ પ્લાન્ટ નાખ્યો હતો. બીકોમ પાસ આ બંને ભાગીદારોને કેમિકલ બનાવવાનો કોઈ ઝાઝો અનુભવ ન હોવા છતાં દોઢ મહિનાથી તેઓ બહારથી સોડિયમ બ્રોમાઈડ નામનું કાચુ કેમિકલ મગાવી તેની પ્રોસેસ બાદ બહાર ફેક્ટરીઓમાં વેચતા હતા. પોલીસે તપાસના પ્રથમ દિવસે ફેક્ટરીમાંથી કબજે કરેલા કેમિકલના નમૂના એફએસએલમાં પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. પોલીસ તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, અહીં મજૂરીકામે આવતા શ્રમિકોને રોજના રૂ. ૩૦૦ અને માસિક રૂ.૧૫ હજાર મહેનતાણું ચૂકવાતું હતું. નોંધનીય છે કે, આ ઘટનામાં ઝેરી ગેસની અસર ફેક્ટરીના ભાગીદાર એવા રવિ પટેલને પણ થતાં સારવાર હેઠળ છે ત્યારે તે સ્વસ્થ થયા બાદ પોલીસ તેની પણ ધરપકડ કરશે.

# રાજકોટ જીએસટી વિભાગના ઈન્ચાર્જ રાજ્ય વેરા અધિકારી ૨૦ હજારની લાંચ લેતા ઝડપાયા

રાજકોટ એસીબીએ જીએસટી વિભાગમાં ટ્રેપ ગોઠવી હતી. બહુમાળી ભવનમાં વાણીજ્ય વેરા કચેરીમાં જીએસટીનો ઈન્ચાર્જ રાજ્ય વેરા અધિકારી મનોજ મનસુખલાલ મદાણીને ૨૦ હજારની લાંચ લેતા ઝડપી લીધો હતો.

મનોજ મદાણી ક્લાસ ૨ અધિકારી તરીકે ફરજ બજાવતો હતો. લાંચ લેતા રંગેહાથ ઝડપાયા બાદ એસીબીએ મનોજ મદાણીના ઘરે દરોડા પાડ્યા છે. અધિકારી પાસેથી અપ્રમાણસરની મિલકત શોધવા માટે તેમના ઘરે એસીબીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ફરિયાદીને ખાનગી પેઢીને આક્ષેપિત કચેરી તરફથી વેલ્યુ એડેડ ટેક્સના આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષના ભરાયેલા ટેક્સના રિફંડના રૂપિયા આશરે ૯,૭૦,૦૦૦ વ્યાજસહિત મળવા પાત્ર હતા. પરંતુ આ નાણા ચૂકવવા માટેનો આક્ષેપિત કચેરીમાંથી થયેલા હુકમ આપવાની અવેજ પેટે મનોજ મદાણીએ ફરિયાદી પાસે ૨૦ હજારની માગણી કરી હતી. ફરિયાદી આ રકમ આપવા માગતા નહોતા. આથી તેઓએ રાજકોટ એસીબીમાં ફરિયાદ કરી હતી. ફરિયાદીની ફરિયાદના આધારે એસીબીએ રાજકોટ બહુમાળી ભવનના ચોથા માળે આવેલી વાણીજ્ય વેરા કચેરીમાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન ફરિયાદી પાસેથી મનોજ મદાણીએ ૨૦ હજારની લાંચ લેતો રંગે હાથ ઝડપી લીધો હતો. એસીબીએ મનોજ મદાણી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિદ્યાર્થીઓ હવે હવાઈદળના પાઈલટ બનવાની ટ્રેનિંગ મેળવી શકશે

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલા આઈડીએસઆર (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિફેન્સ સ્ટડી એન્ડ રિસર્ચ) અને એરફોર્સ વચ્ચે એમઓયુ થયા છે. જે અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વિવિધ કોર્સ દ્વારા પાઈલોટની ટ્રેનિંગ લઈ શકશે. સાથે જ એરફોર્સના અધિકારીઓ યુનિવર્સિટીમાં આવીને અભ્યાસ કરાવશે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સૈન્ય સાથે હવે એરફોર્સમાં જોડાવવાની પણ તક મળશે. એરફોર્સમાં પાયલોટ બનવાની ટ્રેનિંગ પણ યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન અપાશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડિફેન્સ માટેના વિવિધ શૈક્ષણિક કોર્સ શરૂ કરાયા છે. જેનો ફાયદો યુવા વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે. આવનારા સમયમાં ડિફેન્સની સાથે એરફોર્સમાં પણ ગુજરાતના યુવાનોને તક અને પ્રતિનિધિત્વમાં વધારો થશે.સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગુજરાત સરકાર, ડીઆરડીઓ અને એર ફોર્સ વચ્ચે એમઓયુ થયા છે. એરફોર્સના અધિકારીઓ ડ્યૂટી લીવ સાથે યુનિ.માં અભ્યાસ માટે આવશે. આ માટે દરેક કોર્સમાં સીટો અનામક રખાશે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઓછી ફીમાં એરફોર્સ અને ડિફેન્સમાં કરિયર બનાવવાની તક મળશે. એરફોર્સ એવિએશન સાયન્સના વિવિધ કોર્સની ફી ૨૦ હજાર રહેવાનો અંદાજ છે. આ ઉપરાંત યુનિવર્સિટી વિવિધ કોર્સમાં સીટોની મર્યાદા રાખશે નહીં. એટલે કે વધુ વિદ્યાર્થીને લાભ થાય તે પ્રકારે સીટોની સંખ્યાને મંજૂરી અપાશે. દરેક કોર્સમાં એરફોર્સના અધિકારી માટે અનામત સીટો રખાશે. એમઓયુ પ્રમાણે યુનિવર્સિટીમાં એરફોર્સ એન્ડ એવિએશન સાયન્સ ઉપરાંત ચાર પ્રકારના કોર્સ શરૂ કરાશે. જેમાં પીએચ ડી, એમબીએ, માસ્ટર ડિગ્રી, પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાનો સમાવેશ થાય છે. એમબીએમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ નેશનલ સિક્યુરીટી, ડિફેન્સ મેનેજમેન્ટ. એમએસસી ઈન નેશનલ સિક્યુરિટી એન્ડ ડિફેન્સ સ્ટડી અને પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાના ચાર કોર્સ શરૂ થશે. જેમાં કાઉન્ટર - ટેરરિઝમ સ્ટડી, સાયબર સિક્યોરિટી, જીયોપોલીટીક્સ એન્ડ મિલિટરી જીયોગ્રાફી, ડિફેન્સ એનાલિસીસ કોર્સ શરૂ થશે.

# બોગસ બિલ લેનાર પાસેથી હવે બિલિંગ જેટલો જ દંડ આઈટી વસૂલશે




બોગસ બિલિંગ કરનારા કૌભાંડીઓ પર લગામ કસવા માટે જીએસટીની સાથે સાથે હવે ઈક્મટેક્સ વિભાગ પણ સક્રિય બન્યો છે. કારણ કે બોગસ બિલ લેનાર પાસેથી ઈક્મટેક્સ વિભાગ બિલ જેટલી જ રકમની વસૂલાત કરશે. તે માટેનો સત્તાવાર પરિપત્ર પણ સીબીડીટીએ બહાર પાડી દીધો છે. બોગસ બિલિંગને અટકાવવા માટે જીએસટી વિભાગ દ્વારા અનેક પ્રયાસ હાથ ધર્યા છે તેમ છતાં આ રેકેટને અટકાવવામાં ધારી સફળતા મળી શકી નથી. તેના કારણે જ હવે જીએસટી (GST)ની સાથે સાથે આઈટી વિભાગ પણ સક્રિય બનવાનું છે. કારણ કે કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં બોગસ બિલિંગ કરનારા પાસેથી જેટલા રૂપિયાનું બિલ લીધું હશે તેટલી જ રકમ હવે આઈટી વસૂલાત કરશે તેવો પરિપત્ર બજેટમાં જાહેરાત કરાયાના ૧૦ મહિના બાદ બહાર પાડવામાં આવ્યો છે. સીબીડીટીએ ૧૫ જાન્યુઆરીના રોજ બહાર પાડેલા પરિપત્રમાં જણાવ્યું છે કે ૨૭૧ એએડી હેઠળ બોગસ બિલ લેવામાં આવ્યાં હશે તો જેટલી રકમના બિલ લીધાં હશે તેટલા જ રકમની પેનલ્ટી વસૂલ કરવામાં આવશે. તેના કારણે બોગસ બિલિંગ અટકે તેવી શકયતા હાલ તો જીએસટીના ઉચ્ચ અધિકારીઓ સેવી રહ્યા છે. કારણ કે બોગસ બિલ લેનાર વેપારીએ જીએસટીના ટેક્સની રકમ ઉપરાંત ૧૦૦ ટકા પેનલ્ટી અને વ્યાજ અત્યાર સુધી ભરવાનું થતું હતું, જ્યારે હવેથી તે ઉપરાંત આઈટી દ્વારા પણ બીલની રકમ જેટલી જ પેનલ્ટી વસૂલ કરવાનો નિર્ણય કર્યો છે. સીબીડીટી અને સીબીઆઈસી દ્વારા ડેટા આપલે કરવાના કરાર કરવામાં આવ્યા છે કારણ કે સરકારની આવક વધે તેવા આશયથી આ કરાર કરવામાં આવ્યા છે. તે અંતર્ગત હવે બોગસ બિલિંગ કરનારાઓની માહિતી આઈટી વિભાગને આપવાની શરૂઆત તો કરી દેવામાં આવી છે પરંતુ તેની સાથે હવે બોગસ બિલિંગ કરનારાઓ પાસે નવી જોગવાઈ હેઠળ વસૂલાત પણ કરવામાં આવે તેવી શકયતાઓ વધી છે.

# ૫૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લોકોને માર્ચ મહિનાથી કોરોનાની રસી અપાશે




લોકસભામાં કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને મહત્વપૂર્ણ જાણકારી આપતા કહ્યુ છે કે, દેશમાં ૫૦ કે તેનાથી વધારે વર્ષના લોકોને રસી આપવાની કામગીરી માર્ચ મહિનાથી શરુ કરવામાં આવશે. તેમના કહેવા પ્રમાણે આ ગ્રૂપમાં ૨૭ કરોડ લોકોનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, આખા દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વોરિયર્સને કોરોનાની રસી આપવાનુ શરુ કરવામાં આવ્યુ છે. સંસદમાં પૂછાયેલા એક સવાલના જવાબમાં ડો.હર્ષવર્ધને કહ્યુ હતુ કે, પહેલા તબક્કામાં સરકારી અને પ્રાઈવેટ ક્લિનિકોના લગભગ એક કરોડ હેલ્થ વર્કર્સને રસી મુકવામાં આવનાર છે, બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કર્સને રસી અપાઈ રહી છે અને કેટલાક રાજ્યોમાં ૨ ફેબ્રુઆરીથી આ અભિયાન શરુ થઈ ગયુ છે. ત્રીજા તબક્કામાં ૫૦ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના લોકોને રસી આપવાની કામગીરી માર્ચ મહિનામાં શરુ કરાશે.આ માટેની ચોક્કસ તારીખ આપવી હાલમાં તો મુશ્કેલ છે પણ આ અભિયાન માર્ચના ત્રીજા કે ચોથા સપ્તાહથી શરુ કરવામાં આવશે.અત્યાર સુધીમાં દેશમાં પચાસ લાખ લોકોને રસી મુકાઈ ચુકી છે. સાથે સાથે તેમણે જાણકારી આપી હતી કે, દેશમાં બનેલી કોરોના રસી માટે ૨૨ દેશો માંગ કરી ચુક્યા છે.ભારત ૧૫ દેશોને રસી સપ્લાય કરી ચુક્યુ છે અને લાખો ડોઝ આ દેશોને મોકલવામાં આવ્યા છે.

# પીજીવીસીએલનાં ડે.ઈજનેર સહી કરવાના રૂ.૫૦૦ લેતા હોવાનો આક્ષેપ

લીંબડી પીજીવીસીએલ કચેરીના ડેપ્યુટી ઈજનેર ખેડૂતોના વીજ કનેકશનના એગ્રીમેન્ટ ફોર્મમાં સહી કરવા માટે રૂ.૫૦૦ લેતા હોવાની રાવ ઉઠતા ચકચાર મચી જવા પામી છે. જાગૃત ખેડૂતે ડે.ઈજનેર પૈસા લેતા હોવાનો વિડીયો બનાવ્યો હોવાની વાત બહાર આવતા પીજીવીસીએલ કચેરીમાં હડકંપ મચી ગયો છે. વડોદ ગામના ખેડૂતે લીંબડી પીજીવીસીએલ કચેરીમાં તમામ દસ્તાવેજી પુરાવા સાથે ખેતીવાડીમાં સિંચાઈ માટે વીજ કનેકશન મેળવવા નવેમ્બર-૨૦૧૯માં અરજી કરી હતી. જાન્યુઆરી-૨૦૨૧માં ખેડૂતનું વીજ કનેકશન મંજૂર થયું હતું. વીજ કનેકશન મેળવવા ભરવા પાત્ર રૂ.૭,૬૩૫ ખેડૂતે લીંબડી પીજીવીસીએલ કચેરીમાં જમા કરાવી દીધા. ખેડૂત વીજ કનેકશન એગ્રીમેન્ટના કાગળ ઉપર સહી કરાવવા લીંબડી પીજીવીસીએલ કચેરીમાં ખેતીવાડી વિભાગના ડેપ્યુટી ઈજનેર રત્ના ચૌધરી પાસે ગયા હતા.

ડેપ્યુટી ઈજનેર રત્ના ચૌધરીએ એગ્રીમેન્ટ કાગળ પર સહી કરી ફાઈલમાં ગોઠવ્યાં હતા. ખેડૂત ઉભો થયો એટલે ડી.ઈ. રત્ના ચૌધરીએ ખેડૂત પાસે રૂ.૫૦૦ માંગ્યા. ખેડૂતે રૂ.૫૦૦ આપતી વખતે ડેપ્યુટી ઈજનેરને કહ્યું કે વીજ કનેકશન મેળવવા માટે તમામ રકમ તો ભરી દીધી છે તો આ પૈસા શેના માટે? ડે.ઈજનેરને રૂ.૫૦૦ આપી પૈસાની પહોંચ આપવાનું કહ્યું પરંતુ કોઈ જવાબ નહીં મળતા ખેડૂત પૈસા આપી ઓફિસ બહાર નીકળી ગયો હતો. ખેડૂતના ખીચામાં રહેલા મોબાઈલ ફોનના વિડીયો કેમેરામાં તમામ ઘટના કેદ થઈ ગઈ હતી.

ખેતીવાડી વિભાગના ડે.ઈજનેર મેડમ એગ્રીમેન્ટમાં સહી કરવાના પૈસા માંગતા હોવાનું મને પહેલા પણ અનેક ખેડૂતોએ કહ્યું હતું. એટલે જ મેં મોબાઈલ ફોનનો વીડિયો ચાલુ રાખ્યો હતો. મારી પાસે પુરાવો છે કે મેડમે મારી પાસે રૂ.૫૦૦ લીધાં અને ટેબલના ખાનામાં મૂક્યાં. વીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓ મારી પાસે માંગશે ત્યારે વિડીયો રેકોર્ડીંગ રજૂ કરીશ. હું ઈચ્છું છું કે જગતના તાત પાસે ખોટી રીતે પૈસા લેનાર ડે.ઈજનેર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે. જો આમ કરવામાં શેહશરમ રખાશે તો હું ઉચ્ચ સ્તરીય રજૂઆત કરીશ.

# રજિસ્ટ્રેશન વગર ટ્રસ્ટ કે એનજીઓ એપ્રિલથી ડોનેશન નહીં લઈ શકે

કંપનીઓ પાસેથી સીએસઆર ડોનેશન મેળવતાં ટ્રસ્ટ, એનજીઓ કે સોસાયટી રજિસ્ટ્રાર ઓફ કંપનીઝની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યા વગર ૧ એપ્રિલથી કોઈ ડોનેશન લઈ શકશે નહીં. કંપની બાબતોના મંત્રાલયે તાજેતરમાં આ નિયમ ફરજિયાત બનાવ્યો છે. રજિસ્ટ્રેશન નહીં હોય તો કોઈપણ ટ્રસ્ટ કે એનજીઓ ડોનેશન સ્વીકારી શકશે નહીં. ટ્રસ્ટ, સોસાયટી અને એનજીઓ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) હેઠળ ડોનેશન મેળવતા હોય છે. આવા ટ્રસ્ટ, સોસાયટી અને એનજીઓને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ એક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર (યુઆઈડી) આપશે. સામાન્ય રીતે દરેક કોર્પોરેટને પોતાના નફાના બે ટકા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી માટે ખર્ચ કરવો જરૂરી છે. કોર્પોરેટ દ્વારા ટ્રસ્ટ, સોસાયટી અને એનજીઓને આપીને પોતાનો ખર્ચ બતાવી શકતા હતા. પરંતુ હવે સરકાર દ્વારા આ પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે આવા ડોનેશન લેતા ટ્રસ્ટ, સોસાયટી અને એનજીઓને આરઓસીની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે. જો ટ્રસ્ટ, સોસાયટી અને એનજીઓ રજિસ્ટ્રેશન ન કરાવે તો નવા નાણાકીય વર્ષથી કંપનીઓ પાસેથી સીએસઆરનું ડોનેશન લઈ શકશે નહીં. આમ હવેથી આવા ફંડ ઉપર કામ કરતા ટ્રસ્ટો, સોસાયટી અને એનજીઓ ઉપર નવી જવાબદારી મુકવામાં આવી છે. ભવિષ્યમાં આવા ટ્રસ્ટો, સોસાયટી અને એનજીઓએ હિસાબો અપલોડ કરવાની જવાબદારી આવી શકે છે.



# રાજ્ય સરકારના તમામ ગેજેટ અને પરિપત્રો ઓનલાઈન મળશે

ગુજરાત સરકારના તમામ ગેઝેટમાં જાહેર કરવામાં આવતા પરિપત્ર સરકારની વેબસાઈટ પર અપલોડ કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. કોર્ટે સરકારને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. સરકારે આજે મૌખિક જવાબ આપ્યો હતો કે આ દસ્તાવેજો અપલોડ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. અરજદારની રજૂઆત છે કે સરકાર દ્વારા જારી કરવામાં આવતા ગેઝેટ એ જાહેર દસ્તાવેજ છે અને તે સરળતાથી લોકોને મળી રહે તે રીતે રાખવા જોઈએ. અત્યારે ૧૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા જારી થતા ગેઝેટ અને તેમાં જાહેર થતાં પરિપત્રો અને અન્ય વિગતો વેબસાઈટ પર નિયમિત રીતે મૂકવામાં આવે છે,પરંતુ ગુજરાત સરકાર દ્વારા આવી રીતે ગેઝેટના તમામ ભાગો લોકો માટે અપલોડ કરવામાં આવતા નથી. આ ઉપરાંત અગાઉ જાહેર થયેલા ગેઝેટને પણ વેબસાઈટ પર અપલોડ કરવા જોઈએ. જેથી તે ગેઝેટના આધારે કામગીરી કરવા માગતા સામાન્ય લોકોને વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે ગુજરાત ટેકનોલોજીના ઉપયોગમાં અગ્રક્રમનું રાજ્ય છે ઓ સરકારી ગેઝેટ અપલોડ કરવાની પ્રક્રિયા અંગે શા માટે ધીમી કામગીરી ચાલી રહી છે. જેથી રાજ્ય સરકારે મૌખિક જવાબ આપતા કહ્યું હતું કે આ કામગીરી હાલ ચાલી રહી છે અને થોડા સમયમાં પૂર્ણ થશે.

# પોષક તત્વોથી ભરપુર આંબળા ખુબ જ ઝડપથી શરીરનું વજન ઘટાડે છે

ઔષધીય ગુણોથી ભરપૂર આમળા આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. તેનું સેવન કરવાથી ઘણા પ્રકારના સ્વાસ્થ્યને લાભ પ્રાપ્ત થાય છે. આમળાનું સેવન કરવાથી કસમયે વાળ સફેદ થવા, વાળ ખરવા જેવી સમસ્યાઓ થતી નથી. તેમાં મોટી માત્રામાં વિટામિન સી, એન્ટી ઓક્સિડેન્ટ, પોલીફેનોલ્સ જેવા પોષક તત્વ મળી આવે છે જે વ્યક્તિને યુવાન રાખે છે. સાથો સાથ આપણા શરીરની ઈમ્યુનિટી સિસ્ટમને પણ મજબૂત બનાવે છે.

જો તમારું વજન વધી રહ્યું છે અને તમે તેને ઓછું કરવા માટેના બધા જ ઉપાયો અજમાવી ચૂક્યા છો છતાં પણ તમને સફળતા મળી નથી તો તેના માટે તમને આમળા ખૂબ જ મદદગાર સાબિત થશે. કારણ કે આ આમળા મળી આવતાં પોષક તત્વો ચરબી ઘટાડવામાં કારગર સાબિત થાય છે. તો ચાલો જાણીએ કે વજન ઉતારવા માટે આમળાનો પ્રયોગ કેવી રીતે કરી શકાય.

- વજન ઘટાડવાની સાથે મેટાબોલિઝમ બૂસ્ટ કરે છે આમળા

આમળામાં મળી આવતું વિટામિન સી તમારા શરીરની અંદર રહેલા ઝેરી પદાર્થોને બહાર કાઢવાની સાથોસાથ મેટાબોલિઝમને પણ વધારે છે. તે સિવાય તેમાં હાઈપોલિપિડેમિક ગુણ પણ હોય છે જે ફેટી લીવર અને કોલેસ્ટ્રોલ સાથે જોડાયેલા લક્ષણો સાથે લડે છે અને વધતુ વજન રોકે છે તેમજ શરીરના વજનને સારી રીતે પ્રબંધિત કરવાની દિશામાં પણ કામ કરે છે.

- **Detox** માટે પણ સારા છે

ફાઈબર સામગ્રીથી ભરપૂર આમળા શરીરમાંથી ઝેરી પદાર્થોને બહાર કાઢવા, પાચનને નિયંત્રિત કરવા, પેટને તંદુરસ્ત રાખવું તથા કબજિયાત સાથે લડવામાં મદદગાર હોય છે. જેના લીધે તમને વજન ઓછું કરવામાં મદદ મળે છે. તે સિવાય આપણા શરીરમાં સુગરના સ્તરને નિયંત્રિત કરીને ડાયાબિટીસના લીધે વધતા વજન સાથે જોડાયેલ લક્ષણોની સામે લડવા માટે પણ મદદગાર સાબિત થાય છે.

- ઉપયોગ કેવી રીતે કરવો

વજન ઘટાડવા માટે ૨-૩ ચમચી



આમળા નો રસ અથવા પાઉડર પાણીમાં મિક્ષ કરીને દરરોજ સવારે ભૂખ્યા પેટે સેવન કરવાથી ખૂબ જ જલ્દી વજન ઓછું થવા લાગે છે.


## ઔદ્યોગિક કૌશલ્ય વિકાસ કેન્દ્ર

-:માણસા:-

સરકાર માન્ય "સર્ટીફીકેટ" કોર્સ ચાલુ છે

વહેલા તે પહેલાના ધોરણે

ખુશખબર..... ખુશખબર..... ખુશખબર.....

એડમિશન ચાલુ છે

- આધાર કાર્ડ
- એલ.સી.
- માર્કશીટ
- બે ફોટા

| ક્રમ | કોર્સ નું નામ | સમયગાળો | ફી |
|---|---|---|---|
| ૧ | CCC કમ્પ્યુટર | બે મહિના | ૧૫૦૦/- |
| ૨ | Tally GST .T. | ત્રણ મહિના | ૨૫૦૦/- |
| 3 | Beauty parlour | બે મહિના | ૧૫૦૦/- |

- ITI લેવલના કોષ નું એડમિશન ચાલુ છે
- ફિટર, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, વેલ્ડર, રેફ્રિજરેટર એન્ડ ફ્રીજ

નોંધ:- સરળતાથી ઘરે બેઠા ધોરણ ૧૦ અને ૧૨ પાસ કરવા માટે રૂબરૂ મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

૮૧૬૦૫૩૩૯૪૬/૯૦૧૬૬૮૪૦૧૨/૯૭૧૪૮૯૫૦૧૨

વિજય કોમ્પ્લેક્ષ, માણસા, ગાંધીનગર રોડ, ગાયત્રી મંદિર રોડ, માણસા.

# ડાયેટિંગ કરવા છતાં પણ વજન ઘટતું નથી? આ ડાયટ પ્લાન અને ઘટાડો ઝડપથી વજન



વજન ઓછું કરવા અને ફીટ રહેવા માટે કસરત અને પરેજી પાળવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. વજન ઓછું કરવા માટે ઘણા લોકો કસરત કરતાં ડાયેટિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. પરેજી પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. પરંતુ કેટલીક વાર ડાયેટિંગ વજન ઘટાડવામાં સફળ નથી થતુ. આ માટે લોકો ઘણીવાર ચિંતાતુર રહે છે. અને તેમના આહારમાં ઘણા ફેરફારો કરે છે. ઘણી વખત તમે કેટલાક લોકોને જોયા હશે જે લાંબા સમયથી ડાયેટ પર છે, પરંતુ તે તેમના આરોગ્ય અથવા તેમના વજન પર કોઈ ખાસ અસર બતાવતું નથી. જેના કારણે વજન ઓછું થતું નથી. બની શકે કે તમે જે ડાયેટ લઈ રહ્યા છો એ બરોબર જ હોય. જેના માટે મહત્વનું છે કે તમે તમારા આહારમાં સુધારો કરો જે તમારા માટે અસરકારક હોય.

વધતા વજનથી દરેક જણને પરેશાન હોય છે. વધારે વજનથી પરેશાન મોટાભાગના લોકો વજન ઘટાડવા માટે તમામ પ્રકારની રીત અપનાવવા માટે તૈયાર હોય છે, પછી ભલે તેનો અર્થ અલગ અલગ જાતના ડાયેટને પોતાના રૂટિનમાં અપનાવવું જ કેમ ના હોય. ઘણીવાર તમે સાંભળ્યું હશે કે ડાયેટ એક એવી વસ્તુ છે, કે જેમાં ઘણા મહત્વપૂર્ણ ખોરાક ઉમેરાયેલા નથી હોતા. ઘણા બધા ડાયેટ છે જેમાં તમે ઉચ્ચ ચરબી અને ઉચ્ચ પ્રોટીન ખોરાક ખાઈ શકો છો.


નિષ્ણાતોના મતે, આવા ડાયેટથી તમારું વજન ઓછું કરવામાં મદદ મળી શકે છે, પરંતુ તેની અસરો ખૂબ જોખમી હોઈ શકે છે. આવી સ્થિતિમાં એક ભરપુર આહાર વળી ડાયટ હોય છે જે આપણા સ્વાસ્થ્ય માટે સંપૂર્ણપણે ફાયદાકારક હોય છે.

## શું છે સમૃધ્ધ આહાર ડાયેટ



મોટે ભાગે જો કોઈએ આ ડાયેટિંગનું નામ સાંભળયુ હશે તો તેના ધ્યાનમાં એક જ વસ્તુ આવશે કે તે ડાયેટમાં ઘણા આવશ્યક આહાર શામેલ નથી હોતા, પરંતુ આજે અમે તમને ભરપુર ડાયેટના આહાર વિશે જણાવવા જઈ રહ્યા છીએ. આ એક નવો પ્રકારનો આહાર છે, જેની મદદથી વજન ઘટાડવાના હકારાત્મક પરિણામો મળે છે. આ ડાયેટમાં એવી ભલામણ કરવામાં આવે છે કે એવો પોષણથી સંબંધિત ખોરાક લેવો જોઈએ, જે વજન ઘટાડવા ઉપરાંત આપણા શરીરને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. સમૃદ્ધ આહાર સાથેનો ડાયેટ જેમાં તમામ ખોરાક શામેલ હોય છે. તેમાં ફાઈબર, પ્રોટીન, ચરબી યોગ્ય માત્રામાં હોય છે. આટલું જ નહીં એમાં ડેરી ઉત્પાદનો, ફળો અને શાકભાજીનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ આહાર મુજબ, તમે તમારી નિત્યક્રમમાં ફાઈબર માટે બ્રેડ, પ્રોટીન માટે ઈંડા, ચરબી માટે એવોકાડો, ડેરી ઉત્પાદનો માટે દહીંનો સમાવેશ કરી શકો છો. તમને જણાવી દઈએ કે આ બધી બાબતોમાં પુષ્કળ પ્રમાણમાં પોષણ હોય છે, જે તમને સ્વસ્થ તો રાખે જ છે, સાથે સાથે તમને મજબૂત પણ બનાવે છે.

## કચુંબર



જમવા સાથે સલાડ ફક્ત સ્વાદ માટે જ નહીં પણ તમારું વજન ઓછું કરવા માટે પણ ખાઈ શકાય છે. ખાદ્ય પદાર્થો સાથે કચુંબર ખાવાથી તે તમારી ભૂખને ઘટાડે છે જેથી કરીને તમે વધુ કેલરીનો વપરાશ કરી શકતા નથી, જેની સીધી અસર તમારા વજન પર પડે છે. એક અધ્યયન મુજબ સલાડનું સેવન કરવાથી શરીરમાં ૧૧% ઓછી કેલરીનું સેવન આવે છે.

## ભરપુર સમૃદ્ધ આહાર લીલા શાકભાજીનો સૂપ



લીલી શાકભાજી, આપણા સ્વાસ્થ્યને સ્વસ્થ રાખવાની સાથે આપણને રોગોના જોખમથી બચાવવા માટે પણ કામ કરે છે. લીલા શાકભાજીમાં મોટી માત્રામાં ફાઈબર હોય છે. ખાતા પહેલા શાકભાજીનો સૂપ પી શકાય છે. આ સાથે તમે ૨૦% ઓછી કેલરીનો વપરાશ કરશો.

## સફરજન



યુ.એસ કૃષિ વિભાગના જણાવ્યા અનુસાર સફરજનમાં પણ ફાઈબરની માત્રા ખૂબ હોય છે. સફરજનના નાના ભાગમાં લગભગ ૪ ગ્રામ ફાઈબર હોય છે. તો જો તમે પણ વજન ઓછું કરવા માંગતા હોવ તો સફરજનનું બને તેટલું સેવન કરો.

### ધો.૧૦ની બોર્ડની પરીક્ષાના ફોર્મ તથા ફી બોર્ડની વેબસાઈટ પર ભરવાની થઈ જાહેરાત

# પાંચમી માર્ચ ૨૦૨૧ સુધી ઓનલાઈન ભરી શકાશે

૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની સ્કૂલો શરૂ થઈ ગઈ છે. ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ૧૦મી મેથી શરૂ થઈ રહી છે.આ પરીક્ષાઓ ૨૫મી મે સુધી ચાલશે. ત્યારે હવે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવા માટે જાહેરાત કરી છે. ધોરણ ૧૦ના તથા સંસ્કૃત પ્રથમના વિદ્યાર્થીઓ આગામી પાંચમી માર્ચ સુધી બોર્ડની વેબસાઈટ પર નિયત કરેલી ફી સાથે પરીક્ષાના ફોર્મ ભરી શકશે. આ ફોર્મ ભરવાનો સમય સવારે ૧૧ વાગ્યાથી રાત્રીના ૧૨ વાગ્યા સુધીનો રહેશે. તે ઉપરાંત રીપીટર વિદ્યાર્થીઓએ પણ પોતાના ફોર્મ ઓનલાઈન ભરવાનાં રહેશે. મે માસમાં યોજાનારી બોર્ડ પરીક્ષાને લગતી કામગીરીનો આજથી આરંભ થયો છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ આગામી એક મહિના સુધી બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ અને ફી બોર્ડની વેબસાઈટ પર ભરી શકશે.આ કામગીરી પૂર્ણ થયા બાદ જ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટેની હોલ ટિકિટ તૈયાર કરવામાં આવશે. તમામ ઓનલાઈન ફોર્મ અને ફી ભરવાની તમામ કામગીરી પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશ માટેની હોલ ટીકિટ આપવામાં આવશે. આ પહેલા કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓના હિતમાં અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો હતો. જેને પગલે વિદ્યાર્થીઓ હવે ૭૦ ટકા અભ્યાસક્રમમાં ધ્યાન આપી રહ્યા છે. ધોરણ-૯થી ૧૦ની સાથે ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રમાં

**ધોરણ ૧૦ના રીપીટર વિદ્યાર્થીઓએ પણ પોતાના ફોર્મ ઓનલાઈન ભરવાના રહેશે**

હેતુલક્ષી પ્રશ્નો ૨૦%ની જગ્યાએ ૩૦% કરાયા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ-૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦% ઘટાડો કરાયો છે. જ્યારે ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦ ટકાથી વધારીને ૩૦% કરવામાં આવ્યું છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રશ્નપત્રમાં ૫૦% બહુવિકલ્પ પ્રશ્નો અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નો યથાવત રખાયા છે. ધોરણ ૯થી ૧૨ના પ્રશ્નપ્રત્રમાં વર્ણાનાત્મક પ્રશ્નોમાં ઈન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન અપાયા છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના મુખ્ય ૪૦ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર તથા નમૂનાના પ્રશ્નપત્રો તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.જે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે તમામ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને મોકલી આપવામાં આવ્યા છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ આ વિગતો મુકવામાં આવી છે.

# પેટલાદ કોર્ટના સરકારી વકીલ ૩૫ હજારની લાંચ લેતાં ઝડપાયા

પેટલાદ ટાઉન પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૭ માં નોંધાયેલા એટ્રોસિટીના કેસમાં પેટલાદ કોર્ટ દ્વારા ઈસમને નિર્દોષ છોડવામાં આવ્યા હતા. બાદમાં આ હુકમના વિરૂધ્ધમાં સરકાર પક્ષે હાઈકોર્ટમાં અપીલ ન કરવા અને અભિપ્રાય ન આપવા માટે પેટલાદ સેસન્સ કોર્ટના સરકારી વકીલ યજ્ઞેશ હરેશપ્રસાદ ઠાકરે ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને રૂ.૮૦ હજારની લાંચની માંગણી કરી હતી.જેમાં પહેલાં ૪૦ હજાર અને અપીલ ન કરવાનો હુકમ આવ્યા બાદ બાકીના રૂ. ૪૦ હજાર ચૂકવવાની ડીલ થઈ હતી. જેમાંથી રૂ.૫ હજાર ત્રણેક દિવસ પહેલાં ફરિયાદીએ યજ્ઞેશ ઠાકરને ચૂકવી દીધા હતા. બાદમાં લાંચની રકમ આપવી ન હોવાથી ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેને પગલે ટીમે છટકું ગોઠવ્યું હતું અને લાંચની રકમ આપવા માટે યજ્ઞેશ ઠાકરનો સંપર્ક સાધ્યો હતો. સરકારી વકીલ યજ્ઞેશ ઠાકરે ફરિયાદીને લાંચના રૂ. ૩૫ હજાર લેવા માટે પેટલાદના સ્વામિનારાયણ મંદિર રોડ ઉપર આવેલા ક્રિશીવ કોમ્પલેક્ષ ખાતે બોલાવ્યા હતા. જ્યાં ખેડા એસીબી પોલીસ ઈન્સપેક્ટર એમ.એફ.ચૌધરીએ પોતાની ટીમ સાથે લાંચની રકમ સ્વીકારતા સરકારી વકીલ યજ્ઞેશ ઠાકરને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. નડિયાદ એસીબીના ચોપડે સરકારી વકીલ લાંચ લેતાં પકડાયા હોય તેવો આ પ્રથમ કેસ હોવાની ચર્ચા છે. ટ્રેપ બાદ આ મામલાની તપાસ હવે આણંદ એસીબીને સોંપવામાં આવી છે.



॥ શ્રી વિઘ્નેશ્વરાય નમઃ ॥
દિવ્ય યાત્રા સંઘ-કચ્છ
98254 28129
સમગ્ર કચ્છ જીલ્લાના અગ્રગણ્ય સફળ પ્રવાસ આયોજકને
ફ્રેન્ચાઈઝી આપવાની છે
લોકડાઉન બાદ વ્યવસાયનો વ્યાપ વધારવા
સમગ્ર કચ્છ/સૌરાષ્ટ્ર/ગુજરાત/મુંબઈ
વ્યવસાય અનુરૂપ યોગ્ય સ્થળ ધરાવનારને
દિવ્ય દુનિયાના-ભવ્ય દર્શન

# એજ્યુકેશન સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએ: હાઈકોર્ટ



રાજ્ય સરકારે એ ખાતરી કરવી જોઈએ કે કોરોના કાળમાં ફી ચૂકવવાની અસમર્થતાને કારણે માતા-પિતા પોતાનાં બાળકોને શાળામાંથી પરત ખેંચવાની ફરજ પાડવામાં ન આવે, એમ હાઇકોર્ટે જણાવ્યું છે. ગયા મહિને હાઈકોર્ટ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોરોના વાઈરસની અસરને લીધે માતા-પિતા માટે બાળકોને શિક્ષણ અપાવાનું મુશ્કેલ બન્યું હોય એવા કિસ્સામાં સરકારે ખાસ ધ્યાન રાખવું જોઈએ. એજ્યુકેશન એવી બાબત છે કે જેની સાથે ક્યારેય સમાધાન ના થવું જોઈએ, એમ જજે આઠ જાન્યુઆરીએ આદેશમાં જણાવ્યું છે. ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ જેબી પારડીવાલાની ડિવિઝન બેન્ચે આઈઆઈએમ-અમદાવાદ અને યુનિસેફના સર્વેની નોંધ લઈ જાહેર હિતની અરજી 'સુઓ મોટો'ને આધારે આ મુદ્દે નિર્દેશ આપ્યા હતા.

આ સર્વેમાં લોકડાઉન દરમ્યાન અનેક ઘરોમાં નાણાકીય મુશ્કેલીઓને પ્રકાશિત કરવામાં આવી હતી, કેમ કે લોકડાઉન દરમ્યાન સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન પણ બંધ હતું. હાઈકોર્ટની ખંડપીઠે આ અરજીને બંધ કરતાં કહ્યું હતું કે અમે રાજ્ય સરકારને એક વાતની ખાતરી અપાવવા માગીએ છીએ કે જે માતા-પિતા સ્કૂલ ફી ચૂકવવામાં અસમર્થ હોય તેવાં બાળકોને શિક્ષણ આપવાનું બંધ ના થાય એનું સરકાર ધ્યાન આપે.શક્ય છે કે સરકાર દ્વારા અપાતી સહાય થોડાક પરિવારો સુધી ના પહોંચી હોય, એમ સર્વે કહે છે.સરકારે આવા કેસો પર તત્કાળ ધ્યાન આપવું જોઈએ અને શક્ય એટલી મદદ પહોંચાડવી જોઈએ, એમ કોર્ટે જણાવ્યું હતું.

આ સર્વે જુલાઈથી સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમ્યાન અમદાવાદના ૩૭૫ નીચી આવક ધરાવતા પેરેન્ટ્સ પર કરવામાં આવ્યો હતો, જેમાંના ૩૧ ટકા બાળકો સરકારી શાળામાં અભ્યાસ કરતાં હતા. જેમાં જોવા મળ્યું હતું કે ૮૫ ટકા પેરેન્ટ્સના બાળકોને સ્કૂલ બંધ હતી, ત્યારે પ્રાથમિક શાળામાંથી કોઈ સહાય મળી નહોતી અને તેમને મધ્યાહન ભોજન પણ બંધ થતા અન્ય કોઈ મદદ મળી નહોતી શકી. આ સર્વનેમાં ૪૦ ટકા પેરેન્ટ્સ ફીમાં રાહતના આદેશથી અજાણ હતા, જ્યારે ૫૦ ટકાએ કહ્યું હતું કે તેમને ફી માટેનાં નાણાંની જોગવાઈ કરવામાં મુશ્કેલી હતી.

## ફાયર સેફ્ટી મુદ્દે હાઈકોર્ટ લાલઘૂમ, નોટીસ આપી કર્યો આદેશ

# ફાયર સેફ્ટી વગરની અમદાવાદની ૧૫૧ હોસ્પિટલો નહિ દાખલ કરી શકે દર્દી

**અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે ચોંકાવનારા આંકડાથી ખળભળાટ, શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં હોવાનો ખુલાસો**

અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. શહેરના ચીફ ફાયર ઓફિસરે ગુજરાત હાઈકોર્ટમાં ફાયર સેફ્ટી મુદ્દે એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ચોંકાવનારા આંકડાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. ચીફ ફાયર ઓફિસરે સોગંદનામામાં આપેલી માહિતી પ્રમાણે, શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં હોવાનો ખુલાસો થયો હકો, આ સિવાય ૨૩૮૫ પૈકી ૧૮૫ ટ્યૂશન ક્લાસમાં ફાયર એનઓસી નથી. શહેરની ૧૨૦૦ હોટલ રેસ્ટોરન્ટ પૈકી ૪૫૦માં ફાયર એનઓસી નથી. શહેરના ઘણા એવા હાઈરાઈઝ બિલ્ડીંગમાં એનઓસી ન હોવાનો ખુલાસો પણ થયો હતો. અમદાવાદમાં ૬૦ મોલ પાસે ફાયર સેફ્ટીનો અભાવ હોવાની હકીકત પણ સામે આવી હતી.

ગુજરાત હાઈકોર્ટે ફાયર સેફ્ટી મુદ્દે એએમસીની ઢીલી કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા અને ગુજરાત હાઈકોર્ટે એએમસીને ફટકાર પણ લગાવી હતી. આ દરમિયાન હાઈકોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે, અમદાવાદમાં ૧૫૧ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી જ નથી. જેને લઈ હાઈકોર્ટે અમદાવાદ કોર્પોરેશનને આદેશ આપ્યો છે કે, આ ૧૫૧ હોસ્પિટલ વિરૂદ્ધ તાત્કાલિક નોટિસ ઈશ્યુ કરો. અને આ તમામ હોસ્પિટલોમાં જો ફાયર સેફ્ટી ના હોય તો દર્દી દાખલ નહીં કરી શકે. ત્યાં જ હાઈકોર્ટે તમામ હોસ્પિટલોને ફાયર સેફ્ટી મામલે ૨૪ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ પણ આપ્યું છે.

જો આ ૧૫૧ હોસ્પિટલોમાં ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ફાયર સેફ્ટીનો અમલ કરવામાં ના આવે તો તાત્કાલિક ધોરણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો હાઈકોર્ટે આદેશે આપ્યો છે. જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૨૦માં અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગ લાગી હતી. જેમા ૮ દર્દીના મોત નિપજ્યા હતા. આ હોસ્પિટલમાં ફાયરસેફ્ટીનું એનઓસી એપ્રિલ મહિનામાં પૂર્ણ થઈ ગયું હતું, અને આગ લાગી એ વખતે હોસ્પિટલમાં વેલીડ ફાયરસેફ્ટી એન.ઓ.સી નહોતી તે વાતનો ઘટસ્ફોટ કોર્ટમાં ચીફ ફાયર ઓફિસરે કર્યો હતો. કોરોનાકાળમાં ગુજરાતની કોવિડ હોસ્પિટલોમાં આગ લાગવાના બનાવોએ આખા દેશનું ધ્યાન ખેંચાયુ હતું અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકાર દ્વારા દવાખાનાઓને જરૂરી બદલાવ કરવા માટે વારંવાર નોટિસ ફટકારાઈ હતી.



# આઠ અઠવાડિયામાં ભ્રષ્ટાચારની રકમ કાયદા મુજબ વસુલવા હાઈકોર્ટનો નિયામકને હુકમ

આણંદના તારાપુરની એપીએમસી માં થયેલ પાંચ કરોડના કથિત ભ્રષ્ટાચાર મામલે હાઈકોર્ટ દ્વારા નાણા વસુલી માટેનો હુકમ કરવામા આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના હુકમમાં આરોપીઓ પાસેથી આઠ અઠવાડિયામાં ભ્રષ્ટાચારની રકમ કાયદા મુજબ વસુલવા નિયામકને હુકમ કરાયો છે.

**કરોડો નો ભ્રષ્ટાચાર ઉજાગર કરવા એક વ્યક્તિએ આત્મહત્યા કરી**

વર્ષ ૨૦૧૦/૧૧માં કેન્દ્ર સરકારની આરકેવીવાય અને કિશાન કલ્પ યોજનામા સરકારે એપીએમસીને પાંચ કરોડના કામ કરવા ગ્રાંન્ટ આપેલ હતી.

જેમાં સરકારની ગાઈડલાઈન પ્રમાણે નવું બાંધકામ કરવા માટેની આ ગ્રાન્ટ હતી પરંતુ જે તે સમયે સત્તા પર રહેલા એ.પી.એમ.સી.ના સભ્યો તથા ચેરમેન સહિતના મળતિયાઓએ આ મામલે સરકારની ગાઈડલાઈન વિરૂદ્ધ એપીએમસીમાં માત્ર રીનોવેશનના નામે કરોડો રૂપિયા આરોગવાનો પ્રયાસ કર્યો હતો.

સદર પ્રકરણે બીજી ટર્મમા એપીએમસી તારાપુરમા બોડી બદલાતા તેઓએ આ ભ્રષ્ટાચારમાં થયેલ કટકી મામલે તપાસ કરવા જિલ્લા રજીસ્ટારને રજુઆત કરેલ, જે મામલે રાજકીય દબાણ આવતા જે તે સમયના જિલ્લા રજીસ્ટાર, આર.એમ. પુરોહિતે અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે સુસાઈટ નોટ લખીને આત્મહત્યા કરેલ. અંબાલાલ રોહિતના ભાઈ રણછોડભાઈ રોહિત ચેરમેન હતા. તે દરમ્યાન સરકારની ગાઈડલાઈન વિરૂદ્ધ કામ થયુ હોવાની ફરિયાદ ઘનશ્યામ ભાઈ ઠક્કર દ્વારા ગાંધીનગર નિયામકને કરાઈ હતી.

જે અંતર્ગત તેઓએ જિલ્લા રજીસ્ટાર પાસે મામલાની સચોટ તપાસના આદેશ આપ્યા હતા.

આથી તપાસમાં ૯૩ લાખનો ભ્રષ્ટાચાર થયો હોવાનો ખુલાસો થયો હતો. જેને પડકારીને ફરીથી તપાસ માટે ફરિયાદીએ હાઈકોર્ટના દ્વાર ખખડાવતા અંતે આઠ અઠવાડિયામાં ભ્રષ્ટાચારની રકમને વસુલી કરવાનો આદેશ અપાયો છે.

# ઓઈલના વેપારી પાસેથી ૪.૫૦ લાખની લાંચ લેતા જમાદાર અને વચેટિયો ઝડપાયા

અમદાવાદ રેન્જ આઈજીના આર આર સેલના પોલીસ કર્મચારી રૂપિયા ૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ સરકાર તરફથી આર આર સેલ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદમાં રેન્જ આઈજી દ્વારા નવી સ્કવૉડ શરૂ કરવામાં આવી છે. આ સ્કવૉડના વહીવટદાર દ્વારા હપ્તા પેટે માંગેલા રૂપિયા લેવા જતાં એક વચેટિયો અમદાવાદ એસીબી ના હાથે ઝડપાયો છે. આ કેસમાં પોલીસે લાંચ માંગનાર જમાદારની પણ ધરપકડ કરી છે. મળતી માહિતી પ્રમાણે અમદાવાદ રેન્જ આઈજી કર્મચારી લાંચકાંડ બહાર આવ્યા બાદ ગતરોજ જિલ્લા પોલીસના આર.આર.સેલના જમાદાર મહાદેવ સેવાઈકર અને એક વચેટિયો પીપોદરામાં એક ઓઈલ વેપારી પાસેથી ૪.૫૦ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. પીપોદરા વિસ્તારમાં વેપારી ઈન્ડસ્ટ્રીયલ ઓઈલનો વેપાર કરે છે. જિલ્લા પોલીસની આર આર સેલમાં પહેલા ફરજ બજાવતા જમાદાર મહાદેવ સેવાઈકર અને વિપુલ બલર નામનો વચેટિયો અને અન્ય એક પોલીસવાળો વેપારી પાસે ગયા હતા અને ધંધો કરવા માટે ૪.૫૦ રૂપિયાની માંગણી કરી હતી. આ દરમિયાન વેપારીએ તેમને સમજાવ્યું હતુ કે, તેઓ ઓઈલનો કાયદેસરનો વેપાર કરે છે. છતાં જમાદાર અને વચેટિયો માન્યા ન હતા. વચેટિયાએ વેપારીને ફોન પણ કર્યા હતા. તેથી વેપારીએ એન્ટી કરપ્શનની અમદાવાદ કચેરીને ફરિયાદ કરતા ત્યાંથી ટીમ આવી હતી. ગુરૂવારે કિમ-પીપોદરામાં વચેટિયા વિપુલ બલરની ઓફિસમાં વેપારી લાંચના ૪.૫૦ લાખ આપવા આવ્યો ત્યારે એસીબીની ટીમે વિપુલને ઝડપી પાડ્યો હતો. આ જ સમયે મહાદેવ પણ આવી જતા એસીબીએ તેને પણ પકડી લીધો હતો. એસીબીએ મહાદેવ સેવાઈ, વિપુલ બલર અને અન્ય એક પોલીસવાળા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. વિપુલ કેમિકલનો વેપાર કરે છે.



# ગ્રાહકો પોતાની મન-મરજીથી વિજળી કંપની પસંદ કરી શકશે




બજેટ ૨૦૨૧માં સરકારે સામાન્ય ગ્રાહકોને મોટો ફાયદો કરાવ્યો છે. ઉર્જા સેક્ટરમાં એલાન કરતા સરકારે ગ્રાહકો હવે આ સુવિધા પ્રદાન કરી છે કે હવે તેઓ પોતાની મન મરજીથી વિજળી કંપનીઓને પસંદ કરી શકશે.

આ હેઠળ વિજળી ગ્રાહકોને એકથી વધારે વિતરણ કંપનીઓમાંથી કોઈને પસંદ કરવાનો વિકલ્પ આપવા માટે રૂપરેખા તૈયાર કરવામાં આવશે. માત્ર એટલુ જ નહીં વિજળી ગ્રાહકોને વિતરણ કંપનીઓને વિકલ્પ આપવા માટે નિયમ બનાવવામાં આવશે.

નાણા મંત્રીએ આ સાથે જ એલાન કર્યુ કે સરકાર હરિત ઉર્જા સ્ત્રોતોથી હાઈડ્રોજન ઉત્પાદન માટે આગામી નાણાકીય વર્ષમાં હાઈડ્રોજન ઉર્જા મિશન શરૂ કરવાનો પ્રસ્તાવ કરે છે. ગયા ૬ વર્ષમાં વિજળી ક્ષેત્રમાં કેટલાક સુધાર કરવામાં આવ્યા. આ દરમિયાન કેટલીક ક્ષમતામાં ૧,૩૮,૦૦૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા જોડવામાં આવી.

વીજળી ક્ષેત્રે નિર્મલા સીતારમનની મોટી જાહેરાત

નાણા મંત્રી નિર્મલા સીતારમને વીજળી ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. સરકાર તરફથી ૩ લાખ કરોડ રૂપિયાથી વધારેની સ્કીમ લોન્ચ કરવામાં આવી રહી છે, જે દેશમાં વીજળી સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાનું કામ કરશે. સરકરે હાઈડ્રોજન પ્લાન્ટ નિર્માણની પણ જાહેરાત કરી છે. વિજળી ક્ષેત્રે "મોડલ અંતર્ગત કેટલાય પ્રોજેક્ટને પુરા કરવામાં આવશે.


## રીપોર્ટરો નિમવાના છે.

સમગ્ર ગુજરાતમાં રીપોર્ટરો નિમવાના છે.

**જાહેરાત, પ્રેસનોટ આપવા માટે મળો તેમજ આપની આસપાસ બનતી ઘટનાઓ અંગેની માહિતી, સામાજીક, સાંસ્કૃતિક કાર્યક્રમો કે અથવા આપની આસ-પાસ થતી ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર, કૌભાંડ, તેમજ સરકારી અધિકારીઓની બેનામી સંપત્તિ, અંગેની કોઈપણ માહિતી આપની પાસે હોય તો તાત્કાલિક સંપર્ક કરવો. કૌભાંડીઓને ખુલ્લા પાડી, આપના પ્રશ્નોને વાંચા આપીશું. ભ્રષ્ટાચાર પુરાવાઓ સહિત નીચેના નંબર પર સંપર્ક કરો...**

**ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ**

મો. -૯૨૭૪૨ ४६६६६

-: ઓફીસ :-


એ-૩, પ્લોટ નં. આર-૧૩, તનિષ્ક કોમ્પલેક્ષ, ન્યુ ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.


## હોમ લોનના વ્યાજની ૧.૫૦ લાખની છૂટ ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવાઈ




નાણામંત્રી નિર્મલા સીતારમણ કોરોના કાળમાં પ્રથમ બજેટ રજૂ કર્યુ હતું. આશરે બે કલાક જેટલા બજેટ ભાષણમાં કોઇ ખાસ જાહેરાતો કરવામાં આવી નહોતી. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સામાન્ય બજેટમાં હોમ લોનના વ્યાજ પર મળતી રાહત અંગે મોટી જાહેરાત કરી હતી. નિર્મલા સીતારામને ગયા વર્ષે એફોર્ડેબલ હાઉસિંગનો લાભ લેનારા લોકોને હોમ લોનના વ્યાજની ૧.૫૦ લાખ રૂપિયાની રકમને આવકવેરામાંથી બાદ આપવો નિર્ણય લીધો હતો. બે લાખ રૂપિયા સૂધીના હોમ લોનના વ્યાજને મળતી મુક્તિ મર્યાદા સિવાય વધારાનો આ લાભ હતો. આ યોજનાનો લાભ ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી લંબાવાયો છે. મતલબ કે, એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ હેઠળ વધારાનો ૧.૫૦ લાખ વધુ એક વર્ષ સુધી મળશે.

# રાત્રિના સમયે ઉંઘનો સમય ઘટવાને કારણે ચીડિયાપણું વધ્યું



## મ.સ.યુનિ.ના સ્ટેટેસ્ટિક વિભાગના વિદ્યાર્થીઓનું મોબાઈલ યુઝર્સ પર રિસર્ચ

૭૭ ટકા લોકો રાત્રીના સમયે મોબાઈલનો ઉપયોગ કરતા હોવાના કારણે ઉંઘના સમયમાં ફેરફાર થતાં ચીડિયાપણુ વધ્યુ છે. એમ.એસ.યુનિવર્સિટીના સ્ટેટેસ્ટિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા રિસર્ચમાં આ તારણ નીકળ્યું છે. ૪ વિદ્યાર્થીઓ કિંજલ પાનરા, રેશમા શાહ, વિશાળ હરિજન અને બંસરી બાંભણીયાએ પોતાના ગાઈડ અને અધ્યાપક પ્રો.રાકેશ શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ શહેરના ફતેગંજ, વાસણા રોડ, પ્રતાપનગર અને હરણી રોડ એમ ચાર વિસ્તારના ૩૩૭ મોબાઈલ યુઝર્સને સર્વેમાં સામેલ કર્યા હતા.

જેમાં ૧૮ થી ૨૩ વર્ષની વય જૂથના ૭૭ ટકા યુવકો દિવસમાં ૪ કલાક કે તેથીવધુ સમય મોબાઈલ પાછળ વિતાવે છે. જ્યારે સર્વેમાં સરેરાશ ૭૭.૭૭ ટકા લોકોએ કહ્યુ હતુ કે, અમે રાત્રીના ૧૦ વાગ્યા બાદ પણ મોબાઈલનો ઉપયોગ થોડા કે વધારે સમય માટે કરતા હોઈએ છીએ. જેમાંપ૧ ટકા લોકોને ઉંઘવા માટે ૩૧ મિનિટનો સમય લાગી જાય છે. ૧૧ ટકા લોકો ૫ થી ૬ કલાક અને ૨.૭ ટકા લોકો ૫ કલાકથી ઓછી ઉંઘ લે છે.

- ■ સ્વાસ્થ્ય પર અસરો
- ■ માથામાં -કાનમાં દુખાવો
- ■ આંગળીઓ અને અંગૂઠામાં ઝણઝણાટી
- ■ આંખોમાં દુખાવો અને બળતરા
- ■ આંખમાંથી પાણી પડવુ
- ■ થાક લાગવો
- ■ ચિડિયાપણું

મોબાઈલ ફોનના વધુ વપરાશના કારણે આડ અસર પણ જોવા મળી છે. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં ૧૦.૪ ટકા વપરાશકર્તાઓએ મહિનામાં ત્રણ કે વધુ સમય ઉંઘની દવા લેવી પડતી હોવાનું બહાર આવ્યું હતું. ૦.૬ ટકા વપરાશકર્તાઓએ મહિનામાં એક કે બે વાર દવા લેવાનો વારો આવ્યો છે.

# હવે છેલ્લા ત્રણ વર્ષના રિટર્નનું જ એસેસમેન્ટ કરી શકાશે




નાણાં મંત્રી નિર્મલા સીતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સામાન્ય બજેટમાં આવકવેરા અંગે મોટી જાહેરાત કરી છે. તેમણે જાહેર કર્યું કે, હાલમાં આવકવેરા ખાતાની જોગવાઈ પ્રમાણે છેલ્લાં છ વર્ષ સુધીનાં રીટર્ન એસેસમેન્ટ માટે ખોલી શકાય છે પણ નવી જોગવાઈ પ્રમાણે હવે છેલ્લા ૩ વર્ષનાં રીટર્નનું જ એસેસમેન્ટ કરી શકાશે. તેના કારણે સામાન્ય કરદાતાને તકલીફ ઘટશે. આ ઉપરાંત ૭૫ વર્ષ કરતાં વધારે વયના સીનિયર સિટિઝન્સને આવકવેરા રીટર્ન ભરવામાંથી મુક્તિ આપી છે. જો કે આ લાભ એવા સીનિયર સિટિઝન્સને જ મળશે કે જેમને પેન્શન તથા વ્યાજની આવક હશે તેમને જ આ લાભ મળશે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, દેશ આઝાદીનાં ૭૫ વર્ષ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે ૭૫ વર્ષ કરતાં વધારે વયના સીનિયર સિટિઝન્સને આ પ્રસંગે આવકવેરાની પ્રક્રિયામાંથી મુક્તિ આપવા આ નિર્ણય લેવાયો છે.

# કચ્છના સફેદ રણમાં યોજાશે ગુજરાતી ફિલ્મ એવોર્ડ સમારંભ



આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ ૨૦૧૯-૨૦ માટે ગુજરાતી ફિલ્મનો એવોર્ડ સમારંભ યોજવામા આવશે. જો કે આ કાર્યક્રમ અત્યાર સુધીના કાર્યક્રમ કરતા કંઈક અલગ હશે. કારણ કે, આ એવોર્ડ સમારંભ કચ્છના સફેદ રણમા એટલે કે ટુરીઝમ પ્લેસ પર રાખવામા આવ્યો છે. આ એક અલગ પ્રકારનો કનસેપ્ટ છે. ગુજરાત ટુરીઝમ ફીલ્મ એકસલન્સ એવોર્ડની વાત કરતા અભિલાષ ઘોડાએ જણાવ્યુ હતું કે, ગુજરાતી ૨૦૧૯-૨૦ માટે ૨૭ ફિલ્મો આવી છે અને કુલ ૨૮ કેટેગરીમા નોમીનેશન જાહેર કરવામા આવ્યા છે. કોરોનાકાળમાં લોકો મુશ્કેલીમાંથી પસાર થયા છે, ત્યારે આ પ્રકારના પ્રવાસન સ્થળ પર આ કાર્યક્મ કરવાથી લોકોને થોડો ચેન્જ મળશે. તેમજ ગુજરાતી ફિલ્મોની ઈવેન્ટ પણ એક કદમ આગળ વધશે. એવોર્ડ સમારંભના દિવસે નામી કલાકરો હાજરી આપશે.


# બનાસ ડેરી હવે પશુઓને અપાશે ઓળખ, બનાવશે આધારકાર્ડ



આપ સૌએ માણસોના તો આધારકાર્ડ બનતા જોયા હશે પરંતુ બનાસકાંઠામાં આવેલી એશિયાની સૌથી મોટી બનાસ ડેરી હવે પશુઓની ઓળખ માટે આધારકાર્ડ બનાવશે. આ પશુઓના આધારકાર્ડને એપ્લિકેશન સાથે જોડી જિલ્લાના બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકો પોતાના પશુઓની સરળતાથી સારવાર કરાવી શકશે. બનાસકાંઠા જિલ્લો એ ખેતી અને પશુપાલનના વ્યવસાય પર નિર્ભર જિલ્લો છે. જિલ્લાના મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે ત્યારે બનાસકાંઠામાં આવેલી બનાસડેરી પણ દૂધના વ્યવસાયને કારણે જગવિખ્યાત છે અને એશિયાની સૌથી મોટી ડેરી છે. બનાસકાંઠા જિલ્લામાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પોતાના ૨૦ લાખથી વધુ પશુઓનું દૂધ બનાસ ડેરીમાં ભરાવે છે. ત્યારે હવે બનાસ ડેરી દ્વારા પશુ પાલકોને કોઈ હાલાકી ન પડે તેને ધ્યાને લઈ હવે પશુ સારવાર માટે મોબાઈલ એપ તૈયાર કરાઈ છે. જેમ ભારતના તમામ નાગરિકોને આધાર કાર્ડ સાથે જોડવામાં આવ્યા છે. તેમ બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોના પશુઓને ટેગિંગ કરાયું છે અને હવે પશુઓ માટે પણ તેમનું ઓળખ કાર્ડ તૈયાર કરાશે. અને જેમ માણસ માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સારવાર પુરી પાડશે. તેમ જિલ્લાના ડેરી સાથે સંકળાયેલા પશુઓ માટે ૨૫૦ પશુ તબીબોની ટીમ ૧૫૦ પશુ મોબાઈલ વાન સાથે ૨૪ કલાક ખડેપગે રહેશે. પશુઓને કોઈપણ બિમારી કે રોગ હશે તો તેની સારવાર પુરી પાડશે. મહત્વની વાત એ છે કે પશુઓને અપાતી સારવારનો ડેટા આ એપ્લિકેશનમાં ઓનલાઈન થશે. પશુપાલક એપ્લીકેશન દ્વારા પશુ ચિકિત્સકનો સંપર્ક કરતા પશુચિકિત્સક એપ્લીકેશનમાં મૂકેલી જીપીએસ સિસ્ટમને આધારે જે તે સ્થળ સુધી પહોંચી જશે. જેથી જીપીએસ થકી પશુપાલકને પણ તબીબ ક્યારે અને કેટલા સમયમાં પહોંચશે તે જાણી શકશે. તે બાદ તબીબ પહોંચી પશુને જે પણ સારવાર કરશે તે સારવારનો ડેટા પશુપાલક પાસે તેમજ એપ્લિકેશનમાં રહેશે. જેના થકી ભવિષ્યમાં પશુપાલક કે તબીબને પશુને ભૂતકાળમાં કઈ બીમારીને કારણે કઈ સારવાર કરી હતી. તેની જાણ આસાનીથી રહે તેવી પશુઓની સારવાર માટેની મોબાઈલ એપનું આજે બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના હસ્તે લોકાર્પણ થતાં બનાસ ડેરી સાથે સંકળાયેલા જિલ્લાના પશુપાલકોને હવે પશુઓને સારવાર કરાવવી આસાન બનશે અને એક પશુ પાલકો માટે આશીર્વાદરૂપ બનશે. જિલ્લામાં બનાસ ડેરી સાથે સંકળાયેલા પશુપાલકોના ૨૦ લાખથી વધુ પશુઓ માટે આધારકાર્ડ તૈયાર થશે. અને આ તમામ પશુઓને મોબાઈલ એપ દ્વારા જોડી તેમની સારવાર આસાનીથી થઈ શકશે.

# વડોદરામાં વધુ ફી વસૂલતી ચાર સ્કૂલો સામે કાર્યવાહી, દંડ-રિફંડ પેટે ચૂકવવા પડશે ૧ કરોડ

શહેરની ચાર જાણીતી સ્કૂલો સામે વધુ ફી વસૂલતી હોવાની ફરિયાદ થઈ હતી. જે બાદ વડોદરાની ફી નિયમન સમિતિએ તપાસ કરતાં આ શાળાઓ નક્કી માળખા કરતાં વધારે ફી લેતી હોવાનું સામે આવ્યું હતું. ત્યારે હવે આ ચાર સ્કૂલોએ દંડ અને ફી પરત કરવા પેટે કુલ ૧ કરોડથી વધુની રકમ ચૂકવવી પડશે. ફી નિયમન સમિતિને પોદાર વર્લ્ડ સ્કૂલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, હરણી સ્થિત દિલ્હી પબ્લિક સ્કૂલ અને કલાલી સ્થિત ડીપીએસ સામે વાલીઓની વિવિધ ફરિયાદ મળી હતી. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે આ સ્કૂલોએ વધુ ફી લીધાની ફરિયાદ કરવામાં આવી હતી. પોદાર વર્લ્ડ સ્કૂલ વિદ્યાર્થીઓ પાસેથી લેટ ફીનો દંડ વસૂલતી હોવાનું પ્રકાશમાં આવતા એફઆરસીએ ૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ફી ભરવામાં મોડું થાય તો સ્કૂલ પ્રતિ અઠવાડિયે ૩૦૦ રૂપિયા ચાર્જ લેતી હોવાનું સામે આવ્યું છે. પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલને ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. સાથે જ ૧,૫૦૦ વિદ્યાર્થીઓને ફી રિફંડ કરવાનો આદેશ કરાયો છે. સ્કૂલ નક્કી કરેલા માળખાથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી વસૂલતી હોવાનું બહાર આવ્યું હતું. એફઆરસીના સભ્ય કેયૂર રોકડિયાના કહેવા મુજબ, રિફંડની રકમ ૨૭ લાખ રૂપિયાની આસપાસ છે. ફી નિયમન સમિતિએ જણાવ્યું કે, કલાલી સ્થિત ડીપીએસએ ટર્મ ફી સહિતની ફી વધુ લીધી છે જે અયોગ્ય છે. ત્યારે એફઆરસીના આ નિર્ણય આશરે ૨,૯૦૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે. કેયૂર રોકડિયાએ કહ્યું કે, બંને ટર્મની ફી અને ટ્યૂશન ફી સહિત સ્કૂલે વિદ્યાર્થીઓને આપવાની રિફંડની રકમ ૫૨ લાખ રૂપિયાની આસપાસ થશે. હરણીમાં આવેલી ડીપીએસના ૨,૧૦૦ વિદ્યાર્થીઓ પાસેથી પણ ફી પેટે વધુ રકમ વસૂલાઈ હતી. ત્યારે નક્કી માળખા કરતાં વધારાની જે રકમ છે તે પરત ચૂકવવાનો આદેશ કરાયો છે. આ રકમ લગભગ ૨૮ લાખ જેટલી છે, તેમ કેયૂર રોકડિયાએ કહ્યું. તો સ્કૂલો એફઆરસીના આ નિર્ણય સામે રિવિઝન કમિટી અથવા કોર્ટમાં અરજી કરી શકે છે.



# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, NEETમાં નાપાસ થનાર પણ બની શકશે ડોક્ટર




## દેશની સર્વોચ્ચ અદાલતે ૨૦૧૬નો ચૂકાદો બદલ્યો

નીટની પરીક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારો બીડીએસ એટલે કે ડેન્ટિસ્ટ બનવા માટે મેડિકલ ક્ષેત્રે પ્રવેશ લઈ શકે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ હવે નીટમાં નિષ્ફળ પણ મેડિકલ બીડીએસના કોર્સમાં પ્રવેશ લઈ શકે છે. આ નિર્ણય પાછળનું કારણ એ છે કે દેશભરની ઘણી મેડિકલ કોલેજોમાં બીડીએસની બેઠકો ખાલી છે. હવે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી તે બેઠકો ભરાશે અને વિદ્યાર્થીઓને વર્ષના બગાડથી પણ બચાવવામાં આવશે. શિક્ષણ જગતમાં પરિવર્તનનો પવન શરૂ થયો છે. શાળા કક્ષાએ અનેક બદલાવ જોયા પછી હવે મેડિકલના અધ્યયન અંગે પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ (સુપ્રીમ કોર્ટના ચુકાદા) ના આદેશ અનુસાર હવે નીટમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓને મેડિકલ ભણવાની તક પણ મળશે. છાત્રો માટે આ સૌથી મોટા સમાચાર છે. સુપ્રીમ કોર્ટે પોતાનો ચૂકાદો બદલી દીધો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દ્વારા વર્ષ ૨૦૧૬માં નિર્ણય લેવામાં આવ્યો હતો કે નીટની પરીક્ષામાં ૫૦ ટકાથી ઉપરના ઉમેદવારોને જ બીડીએસ અને એમબીબીએસમાં પ્રવેશ મળશે. ૫૦ ટકાથી નીચેના અરજદારોને કોઈપણ ક્વોટા હેઠળ મેડિકલ ક્વોટામાં પ્રવેશ મળશે નહીં. આ નિર્ણયને કારણે દેશમાં બીડીએસની ૭૦૦૦ બેઠકો ખાલી છે, જેના માટે સુપ્રીમ કોર્ટે પોતાનો નવો નિર્ણય આપ્યો છે. હવે નીટ નાપાસ વિદ્યાર્થીઓ પણ બીડીએસમાં પ્રવેશ લઈ શકે છે.



# મા વાત્સલ્ય કાર્ડથી સારવારમાં બેદરકારી: દર્દીઓને હોસ્પિટલથી હેલ્થ સેન્ટર જવું પડે છે

બાયોમેટ્રીક ઓળખ માટે આઈસીયુના દર્દી પણ લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. કરણ કે ફિંગર પ્રિન્ટ મશીન જે તે હોસ્પિટલમાં લઈ જઈ કામગીરી કરવામાં આવતી નથી. ગંભીર દર્દીઓ માટે પહેલા હોસ્પિટલમાં જઈ ફિંગરપ્રિન્ટ લેવાતા પરંતુ સેન્ટર ઓછા થતા હવે દર્દીઓને હાલાકી થઈ રહી છે. ગંભીર બીમારીમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ ઈમરજન્સીમાં બનાવવા સરકારે ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે ઓનલાઈન વ્યવસ્થા કરી છે, છતાં આ સેવાનો લાભ લેવા ઈમરજન્સી વોર્ડમાં દાખલ દર્દીઓને પણ ફિંગર પ્રિન્ટ આપવા માટે હોસ્પિટલમાં દાખલ હોવાં છતાં અન્ય સેન્ટર ઉપર બોલાવવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં પણ ઓક્સિજન અને વેન્ટિલેટર ઉપર રખાયેલાં દર્દીઓને નંબર પ્રમાણે જ લેવાના હઠાગ્રહ સાથે લાઈનોમાં ઊભા કરી દેવાય છે. ફિંગર પ્રિન્ટ માટેની હથેળી જેવડી મશીન ઈમરજન્સીમાં દર્દીઓ પાસે જઈ શકે તેમ છે છતાં જીવના જોખમે આઈસીયુમાંથી દર્દીને અન્ય સેન્ટરના મશીન સુધી જવાની નોબત પડી રહી છે. દિલ્લીગેટની ખાનગી હોસ્પિટલમાં મણકાના ઓપરેશન માટે દાખલ ધીરજ પાટીલે મા વાત્સલ્ય કાર્ડ બનાવવા અરજી કરી હતી. ધીરજ ભાઈને મણકામાં એવી પીડા હતી કે તે ચાલી કે ઊભા પણ રહી શકતાં ન હતાં. આ સ્થિતિમાં તેમને વૃદ્ધ પિતા પાલિકાની એમ્બ્યુલન્સમાં કતારગામ હેલ્થ સેન્ટર લઈ આવ્યાં હતાં. જ્યાં અરજ છતાં તેમને સ્ટ્રેચર પણ અપાઈ ન હતી. દર્દીને તેમનાં વૃદ્ધ પિતા અને ફાયર કર્મીએ આશરે કલાક સુધી લાઈનમાં લઈ ઊભાં રહ્યાં હતાં. પુણાગામ ખાતે રહેતા મમતા બેનનું હૃદય બંધ પડી જતાં તબીબોએ હાર્ટમાં પ્રેસ મેકર મુકવાનો ૪થી ૫ લાખના ખર્ચનો એસ્ટિમેટ આપ્યો હતો. તેમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી વાત્સલ્ય કાર્ડ ઉપર ઓપરેશન કરાવવાની અરજ કરી હતી. આ દર્દી આઈસીયુ વૉર્ડમાં ઓક્સિજન ઉપર હોવાં છતાં મા વાત્સલ્ય કાર્ડ બનાવવા માટે ૧૦૮માં કતારગામ હેલ્થ સેન્ટરના અરજીમાં આંગળીના નિશાન માટે કતારગામ હેલ્થ સેન્ટર ઉપર જવાની નોબત પડી હતી. અગાઉ આ પ્રક્રિયા માટે દર્દીની સ્થિતિ જોઈને હોસ્પિટલમાં જ અથવા તો એમ્બ્યુલન્સ સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાતાં હતાં. દર્દીને પ્રાયોરિટી આપવાની સુચના છતાં દર્દીને લાઈનમાં ઊભાં રહેવું પડ્યુ હતું. ડીએચઓની મંજુરી હોય તો ફિંગર પ્રિન્ટની કીટને દર્દી સુધી લઈ જઈ શકાય છે. ક્રિટિકલ કેસમાં વાત્સલ્ય કાર્ડની પ્રક્રિયા માટે દર્દી જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલના મેનેજમેન્ટ અને તબીબની લેખીત મંજુરી મેળવવી પડે છે. તે પછી ગેઝેટ ઓફિસર કે સ્થાનિક ધારાસભ્યની ભલામણ સાથેનો પત્ર લઈને **DHO** પાસે ઓપરેટરને કીટ સાથે હોસ્પિટલમાં દાખલ દર્દી સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાની મંજુરી મળે છે.

# ૐ નું ઉચ્ચારણ કરવાથી શરીરને થાય છે ફાયદા

ૐ હિંદુ ધર્મનો સૌથી પવિત્ર શબ્દ છે અને આ શબ્દ પૂરા બ્રહ્માંડને દર્શાવે છે. ૐ ચિન્હ "ૐ" શબ્દનું પ્રતિક હોય છે અને આપણા બંને વેદોમાં ૐ શબ્દની જગ્યાએ ૐ ચિન્હનો વધારે પ્રયોગ કરવામાં આવ્યો છે. ૐ ચિન્હ દરેક મંદિર ઉપર બનાવવામાં આવે છે અને એવું કહેવામાં આવે છે કે ૐ ચિન્હ હોવાથી નકારાત્મક શક્તિ દૂર થાય છે. હિન્દુ ધર્મમાં ૐ શબ્દને પવિત્ર કેમ માનવામાં આવ્યો છે? તેનો અર્થ, મહત્વ અને પ્રભાવ શું છે? તેનો ઉલ્લેખ આ પ્રકારે છે.

**ૐ શબ્દનો અર્થ**

ૐ શબ્દનો અર્થ શું છે તેના વિશે ઘણા ઓછા લોકોને જાણકારી હશે. વાસ્તવમાં ૐ શબ્દો ત્રણ અક્ષરથી બનેલો છે જેમ કે અ ઉ મ્ છે, જેમાં "અ" નો અર્થ છે ઉત્પન્ન, "ઉ" નો મતલબ છે ઉઠવું અથવા તો વિકાસ, જ્યારે "મ્" નો મતલબ છે મૌન.

**ૐ શબ્દનું મહત્વ**

હિન્દુ ધર્મમાં ૐ શબ્દનું ખૂબ જ મહત્વ છે અને લગભગ દરેક મંત્રમાં આ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ૐ શબ્દનું મહત્વ બતાવીએ તો શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ૐ શબ્દ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે જોડાયેલા છે. આ શબ્દનું ઉચ્ચારણ કરવાથી આપણે સીધા પરમાત્મા સાથે જોડાઈ જઈએ છીએ. તે જ કારણ છે કે જ્યારે પણ આપણે



ધ્યાન કરીએ છીએ કે પૂજા કરીએ છીએ ત્યારે ૐ શબ્દ જરૂરથી બોલીએ છીએ. શાસ્ત્રોમાં શબ્દને મહત્વ આપતા લખવામાં આવ્યું છે કે, ૐ શબ્દ જ આપણી સૃષ્ટિનો આધાર છે અને આ શબ્દ દરેક મંત્રોનું કેન્દ્ર છે.

**ૐ શબ્દનો પ્રભાવ**

- ૐ શબ્દ ખૂબ જ પ્રભાવશાળી છે અને તેનું ઉચ્ચારણ કરવાથી અનેક રીતના લાભ થાય છે. ૐ શબ્દનો પ્રભાવ આપણા શરીર પર ખૂબ જ સારો પડે છે. જ્યારે આપણે ૐ શબ્દ કહીએ છીએ ત્યારે આપણા શરીરમાં ઉર્જા ઉત્પન્ન થાય છે. ૐ શબ્દ થી કયા કયા પ્રભાવ જોડાયેલા છે અને તે આપણા શરીરમાં શું લાભ આપે છે તે આ પ્રકારે છે.
- ધ્યાન કરતા સમયે ૐનું ઉચ્ચારણ કરવાથી તણાવ એકદમ દૂર થાય છે અને તમે તણાવ રહિત થઈ જાવ છો.
- જે લોકો નિયમિત રૂપે ૐ બોલે છે તે લોકોના શરીરમાં લોહીનો પ્રવાહ સારી રીતે થાય છે.
- ૐ શબ્દનો પ્રભાવ ફેફસા પર સારી રીતે પડે છે અને તેનું ઉચ્ચારણ કરવાથી ફેફસાં મજબૂત બને છે.
- ૐ શબ્દ ખુબજ પ્રભાવશાળી છે અને તેને બોલવાથી શરીરમાં જે કંપન પેદા થાય છે તેનાથી હાડકા પર સારી અસર પડે છે અને હાડકા મજબુત થાય છે.
- ૐ બોલતા સમયે 'ઓ' અક્ષર પર વધારે વજન આપવામાં આવે છે જેનાથી પેટ પર જોર પડે છે અને એવું થવાથી પાચનશક્તિ સતેજ થાય છે.
- જે લોકોને ઉંઘ ના આવતી હોય તે રાત્રે ઉંઘતા સમય આ શબ્દનું ઉચ્ચારણ કરવું તેનાથી ઊંઘ સારી રીતે આવી જશે.
- ૐ શબ્દને ઘરના મુખ્ય દરવાજા પર લગાવવું શુભ માનવામાં આવે છે અને ઘરના મુખ્ય દરવાજા પર ૐ શબ્દ લગાવવાથી ઘરમાં હંમેશા ખુશી આવે છે અને દરેક પ્રકારના દુઃખ દૂર થઈ જાય છે.

# ઓઈલના વેપારીના લાખો રૂપિયા લૂંટી લેનારા બંન્ને આરોપીઓ ઝડપાયા

શહેરના રામપુરામાં ખાતે ઓઈલના વેપારીના બે કર્મચારીને આંતરી ૨૦ લાખની લૂંટ ચલાવનાર અને ટીપ આપનાર એમ ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૨૦ લાખ પૈકી પોલીસે ૧૫ લાખ રિકવર કરી આરોપીઓ ને જેલ ના સળિયા પાછળ ધકેલ્યા છે. સુરતમાં રામપુરા ભરચક વિસ્તારમાં લૂંટારુ જંગી રોકડ લૂંટી ગયો હતો. આંગડીયા પેઢીમાં પૈસા ભરવા જતા હતા ત્યારે એક કર્મચારીને ચપ્પુ મારતા બાઈક સાથે પટકાયો હતો. બીજા કર્મચારીને ચપ્પુ બતાવી રોકડનો થેલો ઝુંટવી આરોપી પલાયન થઈ ગયો હતો. સુરતના રામપુરા ચાર રસ્તા નજીક સાંજે ઓઈલના વેપારીના બે કર્મચારી આંગડીયા પેઢીમાં પૈસા ભરવા બાઈક ઉપર જતા હતા, ત્યારે બાઈક ઉપર આવેલા માસ્કધારી લૂંટારુએ એક કર્મચારીને ચપ્પુ મારતા તે બાઈક સાથે પટકાયો હતો. બાદમાં લૂંટારુએ બીજાને ચપ્પુ બતાવી રોકડા રૂ.૨૦ લાખ ભરેલો થેલો ઝુંટવી લીધો હતો. બાઈક ઉપર ભાગી છૂટ્યો હતો.

બનાવની જાણ થતા શહેરભરની પોલીસ દોડતી થઈ ગઈ હતી અને નાકાબંધી કરી લૂંટારુને ઝડપી પાડવા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. રામપુરા રાજાવાડી ખાતે સુપ્રિમ ઓઈલના નામે ઓઈલનો ભાગીદારીમાં વેપાર કરતા અસલમભાઈના વર્ષો જુના બે કર્મચારી હમીદ અને અમીન નિત્યક્રમ મુજબ ઓફિસથી બાઈક ઉપર રોકડા રૂપિયા ૨૦ લાખ એક થેલામાં લઈ એક પાર્ટીને પેમેન્ટ આપવા તેમજ બહારગામના વેપારીઓને પેમેન્ટ ચૂકવવા આંગડીયા પેઢીમાં જમા કરાવવા નીકળ્યા હતા. તેઓ થોડે દૂર જ પહોંચ્યા હતા, ત્યારે રામપુરા ચાર રસ્તા પાસે લોકોની ભારે અવરજવર વચ્ચે એક બાઈક ઉપર માસ્ક પહેરીને આવેલા અજાણ્યાએ બાઈક ચલાવી રહેલા હમીદને જાંઘના ભાગે ચપ્પુ મારતા તે અને પાછળ બેસેલો અમીન બાઈક સાથે નીચે પટકાયા હતા. લૂંટ ચલાવી ત્યારે મહિધરપુરા પોલીસ અને આજુ બાજુ સ્ટેશન ની પોલીસ માણસો તાત્કાલિક તપાસમાં જોતરાઈ ગઈ હતી.ત્યારર મહિધરપુરા પોલીસે લૂંટ કરનાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા. આ બનાવ અંગે લાલગેટ પોલીસે અમીનની ફરિયાદ નોંધવા હતી. પોલીસ દ્વારા બે આરોપીઓની ધરપકડ કરી. જેમાં એક આરોપી ટીપ આપનાર અને એક વ્યક્તિ સીસીટીવીમાં દેખાઈ રહેલ લૂંટારું છે. હાલમાં પોલીસે બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




રેડી પઝેશન

New Phase Launching Soon

બેસ્ટ લોકેશન
બેસ્ટ પ્રાઈઝ સાથે
ફુલ એમેનિટીઝ

# ક્રિસ્ટલ હેવન

**2 & 3 BHK FLATS WITH CLUBHOUSE**

81000 58000

મવડી-કણકોટ રોડ, અંબિકા ટાઉનશીપ પાસે, રાજકોટ

:: RERA NO :: PR/GJ/RAJKOT/RAJKOT/Others/RAA07745/051220

https://gujrera.gujarat.gov.in/

# " પર્યાવરણ વિશેષાંક "

## ૫, જૂન-૨૦૨૧

"ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ" ગુજરાતનું સૌ પ્રથમ અને એકમાત્ર માનવ અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરતું સામયિક છે. આપને જાણીને આનંદ થશે કે માનવ - અધિકાર વિષયક મેગેઝીન નિરંતર ગતિથી ફેલવો કરી રહ્યું છે. આ પહેલાં આપના તરફથી શુભેચ્છા સંદેશ મળેલ તે જ પ્રમાણે આ વર્ષ પણ "૫,મી જુન" નો "પર્યાવરણ વિશેષાંક -૨૦૨૧" હોઈ અમને આપના તરફથી શુભેચ્છા સંદેશ ની અપેક્ષા રાખીએ છીએ. આ પ્રસંગે શભેચ્છા સંદેશરૂપે આપનું યોગદાન મોકલશો તેવી અપેક્ષા છે. શુભેચ્છા સંદેશ રૂપે આપનું યોગદાન મોકલશો તેવી અપેક્ષા છે.

## શુભેચ્છા સંદેશ જાહેરખબર ના દર નીચે મુજબ છે

| | |
|---|---|
| છેલ્લું પાનું ટાઈટલ (૪ કલર) | ૫૧,૦૦૦/- |
| બીજું પાનું ટાઈટલ (૪ કલર) | ૩૧,૦૦૦/- |
| ત્રીજું પાનું ટાઈટલ (૪ કલર) | ૨૧,૦૦૦/- |
| અડધું પાનું ટાઈટલ (૪ કલર) | ૧૫,૦૦૦/- |
| આખું પાનું સીગલ કલર | ૧૧,૦૦૦/- |
| અડધું પાનું સીગલ કલર | ૯,૦૦૦/- |
| ૧/૪ પાનું સીગલ કલર | ૫,૧૦૦/- |
| વિઝીટીગ કાર્ડ સાઈઝ સીગલ કલર | ૩,૧૦૦/- |

ધ વોઈસ ઓફ હ્યુમનરાઈટ્સ
THE VOICE OF HUMANRIGHTS

A-3, Plot No. R-13, Tanishq Complex,
New Greencity, Sector-26,
Gandhinagar-382028 (Gujarat)

RNI No. GUJGUJ/2013/49414 PRINTED METTER

To,

Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel•Printed : Pavanputra Offset, G.I.D.C., Sector -28, Gandhinagar, Gujarat-382028•Published AT.: A-3, Plot No.:R-13, Tanishq Complex,New Greencity, Sector-26, 382026 (Gujarat)